dailyhunt સંજોગ ન્યૂઝ
અમરેલી નું સુપ્રસિદ્ધ દૈનિક સંજોગ ન્યૂઝ હવે Dailyhunt પર...
અમરેલી ગુજરાત સહિત દેશ વિદેશ, રમતગમત તમામ સમાચાર
વાંચવા માટે Dailyhunt પર સંજોગ ન્યૂઝને ફોલો કરો.
https://dhunt.in/RbYBS

# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26

Year -09 | Issue- 184 | AD - 2026, Chaitra Vad - 09 | Saturday, Dt. 11-04-2026 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00

## અમેરિકાના ઉપરાષ્ટ્રપતિ જે.ડી. વાન્સ વોશિંગ્ટનથી પાકિસ્તાન જવા રવાના

# ઈઝરાયેલના પીએમ દ્વારા લેબનોન સાથે સીધી વાતચીતને મંજૂરી

તહેરાન,તા.૧૦

મધ્ય પૂર્વના દેશો વચ્ચે ચાલી રહેલા વર્ષો જૂના સંઘર્ષમાં હવે એક નવી રાજદ્વારી ગતિવિધિ જોવા મળી રહી છે. ઈરાની અને અમેરિકન વાટાઘાટકારો શુક્રવારે પાકિસ્તાનની રાજધાની ઈસ્લામાબાદમાં ઉચ્ચ સ્તરીય મંત્રણા માટે તૈયારી કરી રહ્યા છે. આ મહત્વપૂર્ણ વાટાઘાટો શનિવારથી શરૂ થવાની ધારણા છે. બંને પક્ષો યુધ્ધવિરામને સ્થિર કરવાનો ગંભીર પ્રયાસ કરી રહ્યા છે, જે હાલમાં ઈઝરાયેલ-હિઝબુલ્લાહ વચ્ચેના હુમલા અને હોર્મુઝની સામુદ્રધુની પર ઈરાનના સૈન્ય નિયંત્રણને કારણે જોખમમાં છે.

અમેરિકાના ઉપરાષ્ટ્રપતિ જે.ડી. વાન્સ વોશિંગ્ટનથી પાકિસ્તાન જવા રવાના થયા છે. રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે તેમના અત્યંત નજીકના સાથી ગણાતા વાન્સને આ જટિલ મુદ્દાનો ઉકેલ લાવવાની જવાબદારી સોંપી છે. ઉલ્લેખનીય છે કે જે.ડી. વાન્સ લાંબા સમયથી વિદેશી સૈન્ય હસ્તક્ષેપના વિરોધી રહ્યા છે. ટ્રમ્પ ઈચ્છે છે કે વાન્સ પોતાની કુશળતાનો ઉપયોગ કરી ઈરાન સાથેની યુધ્ધની સ્થિતિને શાંતિમાં ફેરવે. જોકે, ઈરાને હજુ સુધી તેમના પ્રતિનિધિ મંડળ અંગે ગુપ્તતા જાળવી રાખી છે. ઈરાન સતત અમેરિકા પર એ વાતનું



દબાણ કરી રહ્યું છે કે તે લેબનોનમાં થઈ રહેલા ઈઝરાયેલી હવાઈ હુમલાઓને તાત્કાલિક અટકાવે.

બીજી તરફ, ઈઝરાયેલના વડા પ્રધાન બેન્જામિન નેતન્યાહૂએ લેબનોન સાથે શક્ય તેટલી વહેલી તકે સીધી વાતચીત કરવા માટે સત્તાવાર મંજૂરી આપી દીધી છે. આ જાહેરાત બાદ ઈરાન-યુએસ વાટાઘાટોમાં પણ નવી ઊર્જા જોવા મળી છે. આ મંત્રણાનો મુખ્ય ઉદ્દેશ્ય ઈરાન સમર્થિત હિઝબુલ્લાહના સશસ્ત્ર જૂથોને નિઃશસ્ત્ર કરવાનો અને ૧૯૪૮થી ચાલી રહેલા બંને પડોશી દેશો વચ્ચેના સંઘર્ષનો કાયમી ઉકેલ લાવવાનો છે. ઈઝરાયેલી સંરક્ષણ દળો એવો દાવો કરી રહ્યા છે કે હિઝબુલ્લાહ હવે નબળું પડી રહ્યું છે અને તેમણે પોતે જ યુધ્ધવિરામ માટે વિનંતી કરી છે. વાટાઘાટોની આ પ્રક્રિયા વચ્ચે પણ અનેક અવરોધો ઉભા થયા છે. ઈરાનની અર્ધ-સત્તાવાર એજન્સી તસ્નીમ ન્યૂઝે ચેતવણી આપી છે કે જો લેબનોન પરના હુમલા નહીં અટકે તો વાટાઘાટો સ્થગિત થઈ શકે છે. વધુમાં, ઈરાની દળોએ હોર્મુઝ સ્ટ્રેટમાં દરિયાઈ સુરંગો બિછાવી હોવાના અહેવાલોથી તણાવ વધ્યો છે. ટ્રમ્પે ચેતવણી આપી છે કે જો તેલ પરિવહનનો માર્ગ રોકવામાં આવશે તો અમેરિકા ઈરાન પર અત્યાર સુધીનો સૌથી મોટો પ્રહાર કરશે. દરમિયાન, કુવૈતે તેના પર થયેલા ડ્રોન હુમલા માટે ઈરાનને જવાબદાર ઠેરવ્યું છે, જેને ઈરાનના રિવોલ્યુશનરી ગાર્ડે નકારી કાઢ્યું છે.

# વનતારાએ વન્યજીવ અને પ્રાણી ચિકિત્સા વિજ્ઞાન માટે વિશ્વની પ્રથમ ગ્લોબલ યુનિવર્સિટી લૉંચ કરી

## આધુનિક ગુરુકુળ અને ઉદ્દેશ-આધારીત યુનિવર્સિટી તરીકેની પરિકલ્પના આધારિત, આ યુનિવર્સિટીનું લક્ષ્ય ભારતને વન્યજીવ અને પ્રાણીચિકિત્સા શિક્ષણ માટેના ગ્લોબલ હબ તરીકે પ્રસ્થાપિત કરવાનો છે









જામનગર (ગુજરાત), ભારતઃ રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના એક્ઝિક્યુટિવ ડાયરેક્ટર શ્રી અનંત અંબાણી દ્વારા સ્થાપિત વૈશ્વિક વન્યજીવ સંરક્ષણ સંસ્થા વનતારાએ ગુજરાતના જામનગરમાં વનતારા યુનિવર્સિટીની સ્થાપનાની જાહેરાત કરી છે. વન્યજીવ સંરક્ષણ અને પ્રાણીચિકિત્સા વિજ્ઞાનને સમર્પિત આ યુનિવર્સિટી વિશ્વની પ્રથમ સંકલિત ગ્લોબલ યુનિવર્સિટી છે.

વનતારા યુનિવર્સિટી પ્રાણી કલ્યાણ, વૈજ્ઞાનિક પ્રગતિ અને વન્યજીવ સંરક્ષણના ભવિષ્ય સાથે મૂળથી જોડાયેલી છે. આ સંસ્થાનો ઉદ્દેશ પ્રાણીચિકિત્સા ઔષધિ (વેટરીનરી મેડિસીન), સંરક્ષણ અને વન્યજીવ સંભાળના ભાવિ નેતૃત્ત્વને તૈયાર કરવાનો છે. તેનો અભ્યાસક્રમ ભારતની જ્ઞાન પરંપરાઓનો ઉપયોગ કરીને શિક્ષણના ઉદ્દેશ-આધારીત અને ભવિષ્ય-લક્ષી મોડેલને આકાર આપશે.

'વન્યજીવ સંરક્ષણનું ભાવિ એ બાબત પર નિર્ભર રહેશે કે આપણે કેવી રીતે કરુણા, જ્ઞાન અને કૌશલ્ય સાથે જીવનની સેવા કરવા માટે મન અને સંસ્થાઓને તૈયાર કરીએ છીએ. તણાવપૂર્ણ પરિસ્થિતિમાં રહેલા પ્રાણીઓને જોવાની અત્યંત વ્યક્તિગત યાત્રા અને તેમની સંભાળ લેવામાં વધારે ક્ષમતાપૂર્ણ જરૂરીયાત રહેલી હોવાની સમજે વનતારા યુનિવર્સિટીને આકાર આપ્યો છે. પ્રાચીન નાલંદા યુનિવર્સિટીના સિધ્ધાંતો અને તમામ દિશાઓથી ઉમદા વિચારો આપણને પ્રાપ્ત થાઓ એવો અર્થ ધરાવતા 'આનો ભદ્રાઃ ક્રતવો યન્તુ વિશ્વતઃ' શ્લોકના ભાવથી પ્રેરિત, આ યુનિવર્સિટી દરેક જીવમાત્રનું રક્ષણ કરવા નિશ્ચયબધ્ધ નવી પેઢીને તૈયાર કરવા પ્રતિબધ્ધ છે,' એમ શ્રી અનંત અંબાણીએ જણાવ્યું હતું.

પારંપારિક વાતાવરણમાં આ મૂલ્યોને પ્રતિબિંબિત કરતા, બે બિજોલિયા રેતશીલાઓ શિલાન્યાસ સ્થળની ડિઝાઇનમાં સમાવિષ્ટ કરવામાં આવી હતી. વર્તમાન બિહારમાં આવેલી, પ્રાચીન નાલંદાના ભૂસ્તરશાસ્ત્રીય પાયામાં રહેલી પ્રાચીન વિંધ્ય રચનાથી પ્રેરિત આ શિલાઓ ભારતના જ્ઞાન અને શિક્ષણના કાયમી વારસાનું પ્રતીક છે.

હિન્દુ પરંપરાઓ અનુસાર આયોજિત આ શિલાન્યાસ સમારોહમાં શ્રી અનંત અંબાણીના શિક્ષકો અને મેન્ટર્સ સહિત શિક્ષણ, વિજ્ઞાન, સંરક્ષણ અને જાહેર જીવનના પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમનું હાર્દ હતું પ્રતિકાત્મક શિલાન્યાસ તરીકે ભારતની ઈકોલોજીકલ સમૃધ્ધિ અને દેશના કુદરતી વારસા પર યુનિવર્સિટીના નિર્માણના વિઝનના પ્રતિક સ્વરૂપે, ભારતભરના જૈવિક વિવિધતાથી સમૃધ્ધ પ્રદેશો જેમકે ઘાસિયા મેદાનો, જંગલો, વેટલન્ડ્સ, સૂકા પ્રદેશો અને હિમાલય તેમજ દેશના ઉત્તર, દક્ષિણ, પૂર્વ, પશ્ચિમ અને મધ્ય ભાગોમાં આવેલા અન્ય ઊચ્ચપ્રદેશોમાંથી એકત્ર કરવામાં આવેલા માટી, પાણી અને પથ્થરનું વિધિપૂર્વક સ્થાપન.

વનતારા યુનિવર્સિટી એક જ શૈક્ષણિક ઈકોસિસ્ટમમાં અનેક અલગ-અલગ વિદ્યાશાખાઓને એકજૂટ કરશે, જે વાસ્તવિક સંરક્ષણ પ્રણાલિઓ સાથે સંકળાયેલી હશે. વનતારાની જમીન પરના કાર્યની નિપૂણતાનો ઉપયોગ કરીને, આ યુનિવર્સિટી ફિલ્ડ પરના જ્ઞાનને શૈક્ષણિક કાર્યક્રમો, વ્યાવસાયિક તાલીમ અને વૈશ્વિક રીતે સુસંગત માળખામાં તબદિલ કરશે. કરુણા, વિજ્ઞાન અને સંરક્ષણનું એક અનોખું મિશ્રણ કરીને, આ યુનિવર્સિટી વ્યાવસાયિકોને વન્યજીવ અને ઈકોસિસ્ટમની સુખાકારીમાં આવતા જટિલ અને સતત બદલાતા પડકારોનો સામનો કરવા માટે સુસજ્જ બનાવશે.

આ યુનિવર્સિટી વિવિધ વિદ્યાશાખાઓમાં અંડરગ્રેજ્યુએટ, પોસ્ટ-ગ્રેજ્યુએટ, ફેલોશિપ તથા અન્ય વિશિષ્ટ અભ્યાસક્રમો ઉપલબ્ધ બનાવશે. આમાં વન્યજીવન ઔષધિ તેમજ શસ્ત્રક્રિયા, પોષણ, વર્તણૂકીય વિજ્ઞાન, આનુવંષિકતા, રોગશાસ્ત્ર, વન હેલ્થ, સંવર્ધન નીતિ અને કુદરતી પ્રાણી સંભાળને લગતી પર્યાવરણ ડિઝાઇનનો સમાવેશ થાય છે. વનતારાની ઓપરેશનલ ક્ષમતાઓ સાથે સંરેખિત સ્પેશ્યલાઈઝ કોલેજો થકી આ યુનિવર્સિટી દ્વારા સામાજિક અને આર્થિક રીતે હાંસિયામાં ધકેલાયેલા વર્ગોના વિદ્યાર્થીઓને સહાય પૂરી પાડવા શિષ્યવૃત્તિ પણ આપશે.

વનતારા યુનિવર્સિટીને અદ્યતન શૈક્ષણિક અને ક્લિનિકલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર, આંતરરાષ્ટ્રીય સહયોગો તેમજ રહેણાંક કેમ્પસનો સહયોગ મળશે. તે પ્રાણી કલ્યાણ અને અદ્યતન સંરક્ષણ પ્રણાલીને મજબૂત બનાવવા માટે કાર્યલક્ષી સંશોધન પર ધ્યાન કેન્દ્રિત કરશે. તેનું શૈક્ષણિક મોડેલ ઈન-સિટુ અને એક્સ-સિટુ સંવર્ધનનું સંકલન કરશે, કુદરતી આવાસોને વૈજ્ઞાનિક સંભાળ અને લાંબાગાળાના વન્યજીવ કલ્યાણ તથા વ્યવસ્થાપન સાથે જોડશે.

પ્રાણી સંવર્ધનના ભવિષ્યનું ઘડતર વર્ગખંડો, પ્રયોગશાળાઓ અને માનવીના અંતરાત્મા તેમજ જંગલોમાં જ થશે તે બાબતને સારી રીતે અનુભવીને આ યુનિવર્સિટી વન્યજીવ પશુચિકિત્સા વિજ્ઞાન અને સંવર્ધન શિક્ષણને આગળ ધપાવવાનો ઉદ્દેશ ધરાવે છે. તે એક સાથે વન્યજીવ આરોગ્ય, પ્રાણી સંભાળ, પર્યાવરણ ડિઝાઇન અને સંરક્ષણમાં જ્ઞાન સંસાધનો વિકસાવશે, જે શિક્ષણ, સંશોધન અને નવીનતા માટે લાંબાગાળાના પ્લેટફોર્મ તરીકે સેવા આપશે.

આ શિલાન્યાસ સમારોહની સાથે જ કરુણાસભર સંવર્ધન શિક્ષણને આગળ વધારવા માટેના વ્યાપક રાષ્ટ્રીય પ્રયાસનો પણ શુભારંભ થયો હતો. આમાં 'વનતારા યુનિવર્સિટીના સ્થાપક ફેલો' અને 'એવરી લાઈફ મેટર્સ' શિષ્યવૃત્તિની જાહેરાતનો સમાવેશ થાય છે, જેની સાથે જ જ્ઞાનનો ઉપયોગ માત્ર પ્રગતિ માટે જ નહીં, પરંતુ રક્ષણ માટે પણ કરવાનું આહ્વાન કરાયું છે.

વનતારા યુનિવર્સિટીના વિઝનમાં તેને એક શૈક્ષણિક પ્લેટફોર્મ કરતાં પણ એક કદમ આગળ પ્રસ્થાપિત કરવામાં આવી છે. તે એ દૃષ્ટિકોણને પ્રતિબિંબિત કરે છે કે વન તથા વન્યજીવોને માત્ર પ્રશંસા જ નહીં, પણ જ્ઞાન, પ્રણાલીઓ અને પ્રશિક્ષિત હાથો વડે કરાતી સેવાની પણ જરૂર છે.





**વનતારા વિશે :- વનતારા એ ભારતના ગુજરાતમાં જામનગર ખાતે આવેલી વન્યજીવોના બચાવ, પુનર્વસન, આરોગ્ય સંભાળ અને સંરક્ષણ માટેની પાયાની પહેલ છે. અદ્યતન પ્રાણીચિકિત્સા (veterinary medicine), કલ્યાણ-લક્ષી સંભાળ, વ્યાવહારિક વિજ્ઞાન (applied science) અને મોટા પાયે સંરક્ષણ આયોજનનો સમન્વય કરીને, વનતારા વિવિધ પ્રજાતિના પ્રાણીઓ માટે વિશિષ્ટ સારવાર, રિકવરી અને લાંબા ગાળાની સહાય પૂરી પાડે છે. સંરક્ષણ પ્રજનન (conservation breeding), પ્રજાતિઓની પુનઃપ્રાપ્તિ અને ભવિષ્યમાં તેમને ફરીથી કુદરતી આવાસમાં મુક્ત કરવાના માર્ગોમાં વધતી જતી ભૂમિકા સાથે, વનતારા વન્યજીવન આરોગ્ય સંભાળ, સંરક્ષણ વિજ્ઞાન અને પ્રજાતિઓના પુનઃસ્થાપનમાં આંતરરાષ્ટ્રીય સ્તરના ઉત્કૃષ્ટ કેન્દ્ર તરીકે ઉભરી રહ્યું છે.**

# અમરેલી આર.ટી.ઓ. દ્વારા રેડિયમ પટ્ટા લગાવવાની કામગીરી કરાઈ



અમરેલી,તા.૧૦

અમરેલી જિલ્લામાં આર.ટી.ઓ. વિભાગ દ્વારા માર્ગ સલામતી માટે સરાહનીય પ્રવૃત્તિઓ વેગવંતિ બનાવવામાં આવી છે. ખાસ કરીને ગ્રામીણ વિસ્તારોમાં રાત્રિ દરમિયાન વાહનોની દ્રશ્યતા વધારવા માટે જનજાગૃતિના પ્રયાસો હાથ ધરાયા છે. આ શ્રેણીમાં ગતરોજ અમરેલી માર્કેટિંગ યાર્ડ ખાતે એક વિશેષ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કેમ્પમાં ૨૦૦થી વધુ ટ્રેક્ટર, ટ્રેલર અને છકડા જેવા વાહનોને વિનામૂલ્યે લાલ અને પીળા રંગના રેડિયમ પટ્ટા લગાવવામાં આવ્યા હતા.

# દામનગરની ત્રણ સરકારી ઈમારતોની હાલત અત્યંત જર્જરિત

## માર્ગ અને મકાન વિભાગ હસ્તકની ઈમારતોમાંથી કિંમતી સામાન ગાયબ



દામનગર, તા.૧૦

દામનગર શહેરમાં એક તરફ વિકાસની વાતો અને લોકોની સુખાકારી માટે કરોડો રૂપિયાના કામોના દાવા થઈ રહ્યા છે, ત્યારે બીજી તરફ જૂની સરકારી મિલકતોની હાલત અત્યંત કફોડી બની રહી છે. શહેરમાં આવેલી ત્રણ મુખ્ય સરકારી ઈમારતો હાલ જર્જરિત અવસ્થામાં છે. આ ગંભીર બાબતે અગાઉ અખબારોમાં અહેવાલો પ્રસિધ્ધ થઈ ચૂક્યા હોવા છતાં, સ્થાનિક અને જિલ્લા વહીવટી તંત્ર તેમજ જનતાના સેવકો દ્વારા હજુ સુધી કોઈ નક્કર કાર્યવાહી કરવામાં આવી નથી, જેને લઈને લોકોમાં અનેક સવાલો ઉઠી રહ્યા છે.અમરેલી માર્ગ અને મકાન પેટા વિભાગ-૨ હસ્તકની આ ત્રણેય ઈમારતોમાંથી કિંમતી વસ્તુઓ ગાયબ થઈ રહી હોવાનું પણ જાણવા મળ્યું છે. નગરપાલિકાની હદમાં આવેલી આ ઈમારતો પ્રત્યે સરકારી તંત્રની ઉદાસીનતા ચર્ચાનો વિષય બની છે. આ ઈમારતોની આસપાસથી સતત લોકોની અવરજવર રહેતી હોય છે. વળી, ત્યાં નગરપાલિકાની કચરાપેટીઓ મુકેલી હોવાથી સફાઈ કામદારો કચરો ઠાલવવા આવે છે અને તેઓની હાજરી પણ આ જર્જરીત ઈમારત નીચે જ લખાતી હોવાથી તેમના જીવનું પૂરેપૂરું જોખમ રહેલું છે.સ્થાનિક રહીશોની ઉગ્ર લાગણી છે કે સરકારી તંત્રએ આ બાબતે તાકીદે ધ્યાન આપીને આ જોખમી ઈમારતોનો યોગ્ય નિકાલ કરવો જોઈએ. જો કોઈ દુર્ઘટના સર્જાશે તો તેની જવાબદારી કોની રહેશે તેવો પ્રશ્ન થઈ રહ્યો છે.

# સા.કુંડલામાં માહિતી આપવામાં આનાકાની કરનાર તત્કાલિન મામલતદારને દંડ

સાવરકુંડલા,તા.૧૦

સાવરકુંડલાના દેવળાગેઈટ વિસ્તારમાં દિવાળી દરમિયાન રમાતી જીવલેણ ઇંગોરીયાની રમત રોકવામાં નિષ્ફળ રહેલા તંત્ર સામે કાયદાનો ગાળિયો મજબૂત થયો છે. સ્થાનિક રહીશોની સુરક્ષા પ્રત્યે ઘોર બેદરકારી દાખવનાર અને ત્યારબાદ માહિતી આપવામાં આનાકાની કરનાર તત્કાલીન મામલતદાર જે. એન. પંડ્યાને ગુજરાત માહિતી આયોગે ૨૧,૨૫૦ રૂપિયાનો આકરો દંડ ફટકાર્યો છે. માહિતી કમિશનર વિપુલ રાવલે સ્પષ્ટ કર્યું કે જાહેર સલામતી જેવા ગંભીર મુદ્દે માહિતી છુપાવવી એ કાયદાનો ભંગ છે. આ ચુકાદાએ સાબિત કર્યું છે કે પ્રજાના હિત સાથે રમત કરનાર અધિકારીઓએ સજા ભોગવવી જ પડશે. આ દંડની રકમ નિવૃત્ત અધિકારીએ પોતાના અંગત ખિસ્સામાંથી ભરવાની હોવાથી વહીવટી તંત્રમાં ભારે ફફડાટ વ્યાપી ગયો છે.

# વડિયા-કુંકાવાવ તાલુકામાં આપ-કોંગ્રેસના દાવેદારોના ફોર્મ ભરાયા



તસવીર : કિરીટ જોટવા

અમરેલી,તા.૧૦

સમગ્ર રાજ્યમાં સ્થાનિક સ્વરાજની ચૂંટણીનો માહોલ જામ્યો છે ત્યારે વડિયા-કુંકાવાવ તાલુકામાં ઉમેદવારી પત્ર ભરવાના શ્રીગણેશ થઈ ગયા છે. ગત શુક્રવાર સુધીમાં જિલ્લા પંચાયતની દેવગામ, કુંકાવાવ મોટી અને વડિયા બેઠકો પર આમ આદમી પાર્ટી અને કોંગ્રેસ દ્વારા બબ્બે ફોર્મ ભરાયા છે, પરંતુ ભાજપ દ્વારા હજુ સત્તાવાર રીતે કોઈ ઉમેદવારી નોંધાઈ નથી. તાલુકા પંચાયતની વિવિધ બેઠકો જેવી કે દેવલકી, ખડખડ અને ઢૂંઢિયાપીપળીયામાં પણ ફોર્મ રજૂ થયા છે, જેમાં વડિયા-૨ બેઠક પર માત્ર 'આપ'ના ઉમેદવારે જ દાવેદારી નોંધાવતા આશ્ચર્ય સર્જાયું છે. પક્ષોમાં આંતરિક બળવાની ભીતિને કારણે નામો જાહેર કરવાને બદલે સીધા ફોર્મ ભરવા આદેશ અપાયા હોવાની ચર્ચા છે, જેને પગલે હવે અંતિમ દિવસે ઉમેદવારોનો મોટો ધસારો જોવા મળશે અને આગામી સમયમાં રસાકસીભર્યો ત્રિપાંખિયો જંગ ખેલાશે તે નક્કી છે.

# અમરેલી જિલ્લામાં પી.પી. સોજીત્રા ફાઉન્ડેશન દ્વારા તા.૧૩ થી રાહત દરે ચોપડા વિતરણ

અમરેલી,તા.૧૦

અમરેલી જિલ્લાના જરૂરિયાતમંદ અને તેજસ્વી વિદ્યાર્થીઓ આર્થિક નબળી પરિસ્થિતિને કારણે શિક્ષણમાં પાછળ ન રહી જાય તેવા ઉમદા હેતુથી પી. પી. સોજીત્રા ફાઉન્ડેશન દ્વારા રાહતદરે ચોપડા વિતરણનું આયોજન કરવામાં આવ્યું છે. આ વિતરણ વ્યવસ્થા આગામી ૧૩-૦૪-૨૦૨૬, સોમવારથી અમરેલી નાગરિક સહકારી બેંક, ચિતલ નાગરિક સહકારી બેંક અને કુંકાવાવ નાગરિક સહકારી બેંકની વિવિધ શાખાઓ પર સવારે ૧૦ થી સાંજે ૬ વાગ્યા સુધી ઉપલબ્ધ રહેશે. ઉત્કૃષ્ટ ગુણવત્તાવાળા ૧૪૮ પેજના જમ્બો ફુલ સાઈઝ ચોપડાઓ માત્ર ૩૬૦ રૂપિયા પ્રતિ ડઝનના રાહત દરે 'નહીં નફો નહીં નુકસાન'ના ધોરણે પૂરા પાડવામાં આવશે

# ખાંભા ખાતે સ્થાનિક સ્વરાજયની ચૂંટણીને લઈ પોલિંગ સ્ટાફને તાલીમ અપાઈ



ખાંભા , તા.૧૦

તાલુકા અને જિલ્લા પંચાયતની સામાન્ય ચૂંટણી-૨૦૨૬ના સુચારુ સંચાલન માટે ખાંભામાં મામલતદાર મહેન્દ્રભાઈ ભાલોડીના નેતૃત્વ હેઠળ વિશેષ તાલીમ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં પ્રિસાઈડિંગ અને પોલિંગ ઓફિસર તરીકે નિમણૂક પામેલા કુલ ૧૦૭ કર્મચારીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. માસ્ટર ટ્રેનર નિલેશભાઈ ઉનાગર અને અજીતસિંહ ગોહિલે કર્મચારીઓને ઈ.વી.એમ. મશીનના ઉપયોગ, મતદાન મથકની જવાબદારીઓ અને આદર્શ આચારસંહિતાના ચુસ્ત પાલન અંગે પ્રેક્ટિકલ માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. મામલતદારે જણાવ્યું હતું કે ચૂંટણી પ્રક્રિયા પારદર્શક અને નિષ્પક્ષ રીતે પૂર્ણ થાય તે માટે આવી તાલીમ અનિવાર્ય છે. તમામ સ્ટાફે આ તાલીમ દ્વારા ચૂંટણી કામગીરીની ઝીણવટભરી વિગતો મેળવી હતી.

# ચલાલામાં શ્રી રામ હોસ્પિટલ ખાતે આરોગ્ય નિદાન કેમ્પ યોજાયો



ચલાલા,તા.૧૦

ચલાલામાં પ. પૂ. સંત ડૉ. રતિદાદાના આશીર્વાદ અને ભારતભૂષણ મહેશભાઈ મહેતાના અથાગ પ્રયત્નોથી ચાલતી યુગ નિર્માણ ગાયત્રી પરિવાર ટ્રસ્ટ સંચાલિત શ્રી રામ હોસ્પિટલ ખાતે આરોગ્ય નિદાન કેમ્પ ખૂબ જ સફળતાપૂર્વક પૂર્ણ થયો હતો. ચલાલા તેમજ આજુબાજુના ગામોમાંથી મોટી સંખ્યામાં દર્દીઓ ઉપસ્થિત રહી નિષ્ણાંત ડોક્ટરોની સેવા મેળવી હતી. અમરેલીથી પત્રકાર હરગોવિંદભાઈ પંડ્યા આ કેમ્પ માટે ખાસ ઉપસ્થિત રહ્યા હતા. આ કેમ્પમાં નિષ્ણાત ડૉ. કાજલબેન બગડા દ્વારા હરસ-મસા-ભગંદર, ફિશરની સારવાર આપવામાં આવી હતી. ડૉ. કેયુરભાઈ આર. કોટડીયા દ્વારા ડાયાબીટીસ, હદય રોગ, હદયના વાલ્વની તકલીફ, મગજનો હુમલો (પેરાલીસીસ)ની સારવાર આપી હતી. ડૉ.બીનાબેન જી.રાબડીયા દ્વારા ધાધર, ખરતાવાળ, ચામડી તથા વાળના રોગોની સારવાર કરવામાં આવી હતી. આ તમામ ડોક્ટર દર મહિનાના પહેલા રવિવારે સવારે ૯ થી ૧૨ રામ હોસ્પિટલમાં મળશે. સમગ્ર આયોજન માટે ડાયરેક્ટર શીતલબેન મહેતા સહીત સ્ટાફગણે જહેમત ઉઠાવી હતી.

|| શ્રી ગણેશાય નમઃ || || શ્રી ૧૧ || || શ્રી બાલમુકુંદજી પ્રભુ વિજયતે ||
અમરેલીના આંગણે વિશ્વાસ અને સુંદરતાનું નવું સરનામું...




YJ યમુના જ્વેલર્સ
(અમરાપુર વાળા)
અમે અત્યંત આનંદ સાથે જણાવીએ છીએ કે,
આપના અતૂટ વિશ્વાસ અને સાથ-સહકારને કારણે
યમુના જ્વેલર્સ હવે એક ભવ્ય અને
નવા સોપાન સાથે આપની સેવામાં સજ્જ છે.
- શુદ્ધતાની ખાતરી : 100% હોલમાર્કવાળા દાગીના
- નવીનતમ ડિઝાઈન : એન્ટિક, રાજવાડી અને મોર્ડન જ્વેલરીનો વિશાળ ખજાનો
- પારદર્શક વ્યવહાર : વ્યાજબી મજૂરી અને વિશ્વાસપાત્ર સર્વિસ

અમારા નવા આધુનિક શો-રૂમની મુલાકાત લો અને આપની સુંદરતામાં ચાર ચાંદ લગાવો.
સ્થળ : દુ.નં. - ૩, પટેલ વાડી શોપિંગ સેન્ટર, હીરામોતી ચોક, લીલીયા રોડ, અમરેલી.
શ્રી હીરેનભાઈ ચંદુભાઈ સોની
મો. ૯૪૨૯૨ ૨૦૮૪૭/૮૧૪૧૨ ૦૭૭૩૬




Jitendra Sanghani
Cell : 98254 22922
MARUTI SUZUKI
મારૂતિ સુઝુકી સર્વિસ સ્ટેશનનું એકમાત્ર સ્થળ તથા
સંપૂર્ણ આધુનિક સુવિધા સાથેનો વિશ્વાસપાત્ર અને અનુભવી સ્ટાફ
કારકેર સેન્ટર
(Maruti Authorised Workshop)



વ્હીલ એલાઈમેન્ટ,વ્હીલ બેલેન્સીંગ, મીકેનીક કામ, રીપેરીગ, વોશિગ તેમજ સર્વિસ કરી આપનાર
ચકકરગઢ રોડ, અમરેલી-૩૬૫ ૬૦૧
ફોનઃ ૦૨૭૯૨ ૨૨૦૦૯૯, E-mail: carcarerushi@rediffmail.com

## -//એકઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ, સાવરકુંડલા//-

## રૂબરૂ સુનાવણી નોટીસ

નં.મરણ નોંધણી/ અરજી નં.૯૦/૨૦૨૫ તા.00/00/000

અરજદારશ્રીઃ- ૧. ચોડવડીયા જયંતીભાઈ બાબુભાઈ
રે. જીરા,તા.સાવરકુંડલા, જી.અમરેલી

-//વિરૂધ્ધ//-

સામાવાળાઃ- ૧. તકમશ્રી, જીરા, તા.સાવરકુંડલા

**જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે મરણની નોંધ કરાવવા રૂબરૂ સુનાવણીની નોટીસ**

આથી તમો પક્ષકારોને આ નોટીસ આપી સુચીત કરવામાં આવે છે કે, અરજદારશ્રીના પ્રેમજીભાઈ દાદાભાઈ ચોડવડીયા મરણ તા.૦૮/૦૯/૧૯૮૭ના રોજ મુ.જીરા, તા.સાવરકુંડલા, જી.અમરેલી મુકામે થયેલ. પરંતુ, કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના મરણની નોંધ ગ્રામ પંચાયત રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોઈ, મરણની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ અરજી અન્વયે રૂબરૂ સુનાવણી મુદત તા.૨૦/૧૧/૨૦૨૫ ના રોજ ૧૧:૦૦ કલાકે મામલતદાર અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાવરકુંડલાની કચેરી ખાતે રાખવામાં આવેલ છે.

આ કામે અરજદારશ્રી તેઓની અરજીમાં કરેલ રજુઆતના સમર્થનમાં જે કોઈ આધાર-પુરાવા રજુ કરવાના હોય, અરજીમાં જો કુલ બે સાહેદીના સોગંદનામા રજુ કરેલ ના હોય તો તૈ સાહેદોના સોગંદનામા સાથે સાહેદો સહિત હાજર રહેવું.

આ કામે સામાવાળા (મરણ નોંધણી રજીસ્ટ્રાર) એ તેઓ હસ્તકના રેકર્ડમાં આ સાથે સામેલ રાખેલ અરજીની વિગત મુજબના ઈસમનો મરણ નોંધાયેલ છે કે કેમ? તે અંગે જરૂરી પ્રમાણપત્ર તથા અસલ જન્મ-મરણ રજીસ્ટર સાથે હાજર રહેવા જણાવવામાં આવે છે.

વધુમાં આ કામના સામાવાળાને મરણ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં ઉકત મુદતે વાંધો તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

સહી.
મામલતદાર અને એકઝીક્યુટીવ મેજિસ્ટ્રેટ,
સાવરકુંડલા

## અમરેલીના મહે. પ્રિન્સીપાલ ડીસ્ટીકટ જજ સાહેબની કોર્ટમાં.

## રૂમ નં. ૧૦૧ મુકામઃ અમરેલી.

દિવાની પરચૂરણ અરજ નં.૨૪/૨૦૨૬
મુદત તા.૦૪/૦૫/૨૦૨૬
અરજદાર તરફે વિ.વ.શ્રી પી.જી. તળાવીયા

અરજદારો : ગુજ. ભાવિનકુમાર જેઠાભાઈ સરખેદીના વારસો
(૧) દયાબેન ભાવિનકુમાર સરખેદી
(૨) સંગીર આપ્યા ભાવિનકુમાર સરખેદી
(૩) સગીર ક્રિશીવ ભાવિનકુમાર સરખેદી
નં.૧ ના જાતે તથા નંબર-૨ થી ૩ ના કુદરતી માતા અને ઈષ્ટમિત દરજજે.
રહે.બધા વરસડા, તા. જિ.અમરેલી.

વિરૂધ્ધ

સામાવાળાઓ :- (૧) જેઠાભાઈ બેચરભાઈ સરખેદી રહે,વરસડા (૨) ગીતાબેન જેઠાભાઈ સરખેદી રહે.વરસડા
(૩) વનીતાબેન જેઠાભાઈ સરખેદી રહે.લોનકોટડા (૪) આશાબેન જેઠાભાઈ સરખેદી રહે.લાઠી કેરીયા
(૫) ચેતનભાઈ જેઠાભાઈ સરખેદી રહે.વરસડા (૬) નિકિતાબેન જેઠાભાઈ સરખેદી રહે. વરસડા

## -:: જાહેર નોટીસ ::-

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસ આપી જણાવવામાં આવે છે કે, આ કામના અરજદારોએ અત્રેની અદાલતમાં ધી ગાર્ડીયન એન્ડ વોર્ડઝ એકટની કલમ-૩૧ અન્વયે તેઓની તથા આ કામના સામાવાળાઓની સંયુકત માલીકી કબજા ભોગવટાની જમીન અમરેલી તાલુકાના વરસડા ગામે ખાતા નં.૭૯૯, સર્વે નં.૬/૧ પૈકી ૧ ની હે. ૧-૦૩-૪૬ ચોમી તથા સર્વે નં. ૧૭/૪ પૈકી ૨ ની જમીન જેના હે. ૨-૧૭-૨૫ ચો.મી. ખેતીની જમીનમાં તેમજ સામા. નં. ૧ ના સ્વતંત્ર નામે ચાલતા વરસડા ગામે આવેલ રેવન્યુ સર્વે નં.૪૩/૧ પૈકીની જમીનમાં એ. ૧-૩૬ ગુઠા જમીન તાલુકા વિકાસ અધિકારીશ્રી, અમરેલીના તા.૭/૧૦/૧૯૯૨ ના હુકમથી થયેલ બિનખેતી પૈકીના પ્લાટ નં.૩ જેના ચો.મી. ૨૭૪ ૩૫ તથા પ્લોટ નં.૪ જેના ચો.મી. ૧૬૦-૦૪ તેમ કુલ ૪૩૪-૩૯ વાળી રહેણાંક મિલકતમાંથી તથા ખેતીની જમીનમાંથી તમામ અરજદારોને બીનઅવેજી હકક જતો કરવો હોય, બીન અવેજી ફારગતી દસ્તાવેજ કરવા તથા તે લગત તમામ કાર્યવાહી કરવા આ કામના અરજદાર નં. ૧ ને આ કામના સગીર અરજદારો નં.૨ તથા ૩ ના માતા તરીકે સગીરો વતી સહી કરવા પરવાનગી આપવા/વાલી નિમવા હાલની અરજી દાખલ કરેલ છે.

આમ, આ અરજી મુજબ જણાવેલ વિગતની સામે કોઈને પણ વાંધો તકરાર હોય, તા તેઓએ તેમના આધાર પુરાવા સાથે મુ. તા.૦૪/૦૫/૨૦૨૬ ના રોજ અત્રેની કોર્ટમાં ૧૦-૪૫ કલાકે હાજર રહેવું. જો તેમ કરવામાં કસુર થશે તો નામ. કોર્ટ આગળનો યોગ્ય અને ન્યાયી હુકમ કરશે જેની લાગતા વળગતા સર્વેએ નોંધ લેવી.

આજ તા.૯ મી, માહે : એપ્રિલ, સને-૨૦૨૬ ના રોજ મારી સહી તથા સીકકો કરીને આપ્યા.

| તૈયાર કરનાર | મુકાબલ કરનાર | હુકમથી |
| --- | --- | --- |
| સહી, | સહી, | સહી, |
| (એ.કે.મકવાણા) | (આર.કે.બંધીયા) | (એચ.ડી.વસાવડા) |
| સિનિ.કલાર્ક (સીવીલ બ્રાન્ચ) | બેન્ચ કલાર્ક, ગ્રેડ-૧ | હેડ કલાર્ક(સીવીલ બ્રાન્ચ) |
| પ્રિન્સીપાલ ડિસ્ટ્રીકટ કોર્ટ, અમરેલી | પ્રિન્સીપાલ ડિસ્ટ્રીકટ કોર્ટ, અમરેલી | પ્રિન્સીપાલ ડિસ્ટ્રીકટ કોર્ટ, અમરેલી |

**ભૂકંપની તીવ્રતા રિક્ટર સ્કેલ પર ૩.૭ નોંધાઈ,સાવરકુંડલા નગરપાલિકાની દિવાલ પર તિરાડો પડી**

# અમરેલી જિલ્લાના દરિયાકાંઠા પંથકમાં ભૂકંપના જોરદાર આંચકાથી ફફડાટ

**મધ્યરાત્રિએ ૩.૭ની તીવ્રતાના આંચકાએ લોકોની ઊંઘ હરામ કરી**

અમરેલી,તા.૧૦

અમરેલી જિલ્લામાં છેલ્લા કેટલાક સમયથી ભૂકંપના આંચકાનું પ્રમાણ ચિંતાજનક રીતે વધી રહ્યું છે જે સ્થાનિકો માટે ચિંતાનો વિષય બન્યો છે. ગત ૯ એપ્રિલની મોડી રાત્રે ૨:૨૪ વાગ્યે અમરેલીના કોસ્ટલ બેલ્ટ સહિતના વિવિધ વિસ્તારોમાં ૩.૭ની તીવ્રતાનો જોરદાર આંચકો અનુભવાયો હતો. આ ધડાકાભેર આવેલા આંચકાને કારણે રાજુલા, જાફરાબાદ અને સાવરકુંડલા પંથકમાં લોકોમાં ભારે ફફડાટ ફેલાયો હતો અને ભયભીત થયેલા લોકો ગાઢ ઊંઘમાંથી જાગીને તાત્કાલિક રસ્તા પર દોડી આવ્યા હતા. સિસ્મોલોજી વિભાગના સત્તાવાર જણાવ્યા અનુસાર આ ભૂકંપની તીવ્રતા રિક્ટર સ્કેલ પર ૩.૭ નોંધાઈ હતી અને તેનું કેન્દ્રબિંદુ અમરેલીના રાજુલાથી માત્ર ૩૫ કિલોમીટર દૂર ભાવનગર જિલ્લાના મહુવા પાસે સ્થિત હતું.

આ કુદરતી ઘટનાની સૌથી વધુ અસર રાજુલા શહેરમાં જોવા મળી હતી જ્યાં આંચકો એટલો પ્રબળ હતો કે કેટલાક જૂના અને કાચા મકાનોની દીવાલોમાં ઝીણી તિરાડો પડી હોવાના પ્રાથમિક અહેવાલો પણ પ્રાપ્ત થયા છે.



સાવરકુંડલામાં ધરતીકંપના આંચકાથી નગરપાલિકાની દિવાલોમાં તિરાડો પડી ગઈ હતી. છેલ્લાં બે-ત્રણ દિવસોથી આવતા ધરતીકંપના આંચકાથી લોકોમાં ભારે ભયનો માહોલ જોવા મળી રહ્યો છે. આવી જ કંઈક સ્થિતિ પીપાવાવ રોડ પર જોવા મળી હતી ભૂકંપના સમયે સર્જાયેલી આ અફરાતફરી અને ધ્રુજારીના જીવંત દશ્યો અનેક રહેણાક વિસ્તારોના સીસીટીવી કેમેરામાં કેદ થયા છે જે હાલ સોશિયલ મીડિયામાં ખૂબ જ વાઈરલ થઈ રહ્યા છે. છેલ્લા આઠ દિવસથી ખાંભા અને સાવરકુંડલાની વચ્ચેના પટ્ટામાં સતત અનુભવાઈ રહેલા નાના-મોટા આંચકાઓને કારણે સ્થાનિક તંત્ર અને ભૂસ્તરશાસ્ત્રીઓ પણ સતર્ક બન્યા છે અને પરિસ્થિતિ પર ઝીણવટભરી નજર રાખી રહ્યા છે. સતત આવી રહેલા આ ધ્રુજારીના કારણે ગ્રામીણ વિસ્તારોના કેટલાક મકાનોમાં તિરાડો પડવાની ઘટનાઓથી લોકોમાં ફાળ પડી છે. સદનસીબે આ કુદરતી આપત્તિમાં અત્યાર સુધી કોઈ જાનહાનિ કે મોટી મિલકતને નુકસાન થયાના સમાચાર નથી જે મોટી રાહતની વાત છે પરંતુ વારંવાર આવતા આ આંચકાઓએ આખા પંથકની ઊંઘ હરામ કરી દીધી છે અને લોકો સતત ભયના ઓથાર હેઠળ જીવી રહ્યા છે.

# સાવરકુંડલા-મહુવા સ્ટેટ હાઈવેમાં બાઢડા પાસે RCC રોડના ક્યુરિંગમાં ઘોર બેદરકારી

સાવરકુંડલા,તા.૧૦

સાવરકુંડલા તાલુકાના બાઢડાથી મહુવા તરફ જતા સ્ટેટ હાઈવેના નિર્માણ કાર્યમાં કોન્ટ્રાક્ટર અને તંત્રની મિલીભગતથી 'લાલિયાવાડી' ચાલતી હોવાની વ્યાપક ફરિયાદો ઉઠી છે. હાલમાં આ માર્ગ પર મોટા પાયે આરસીસી કામગીરી ચાલી રહી છે, પરંતુ નિર્ધારિત



ગુણવત્તાના ધોરણોનું સરેઆમ ઉલ્લંઘન થઈ રહ્યું હોવાનું સામે આવ્યું છે. સ્થાનિકોના જણાવ્યા અનુસાર, સિમેન્ટ કોંક્રિટનું કામ પૂર્ણ થયા બાદ સૌથી મહત્વનું ગણાતું 'ક્યુરિંગ' (પાણીનો છંટકાવ) બિલકુલ કરવામાં આવતું નથી. આશ્ચર્યની વાત તો એ છે કે, લાખોના ખર્ચે ચાલતા આ સરકારી પ્રોજેક્ટમાં જવાબદાર અધિકારીઓ ક્યારેય સ્થળ તપાસ માટે ફરકતા પણ નથી. તંત્રની આ નિષ્ક્રિયતા સામે લોકમુખે અનેક ચર્ચાઓ જાગી છે કે શું અધિકારીઓ જાણીજોઈને આંખ આડા કાન કરી રહ્યા છે?

# રાજુલા રંગાશે ભક્તિના રંગે, એક મહિનામાં બે ભાગવત સપ્તાહનું આયોજન

**આ આયોજન મહાદેવ મંદિરના લાભાર્થે કરવામાં આવશે**

રાજુલા, તા.૧૦

રાજુલામાં શહેરની ધર્મપ્રેમી જનતા દ્વારા એક મહિના કરતા ઓછા ગાળા માં બે ભાગવત સપ્તાહનું આયોજન થવા જઈ રહ્યું છે,જે તકે રાજુલાની જનતા શ્રધ્ધાભાવ સાથે ભક્તિમય રંગે રંગાશે. જોગાનુજોગ, આ બંને ધાર્મિક આયોજનો રાજુલાના પ્રસિધ્ધ મહાદેવ મંદિરો ના લાભાર્થે કરવામાં આવેલ છે. મનમંદિર રેસિડેન્સી તથા સંસ્કાર સોસાયટીમાં આવેલ મહાકાલેશ્વર મંદિર તથા દુર્લભ નગરમાં આવેલ દુર્લભેશ્વર મહાદેવ મંદિર પરિસરમાં આ ભાગવત કથાઓ યોજાશે. બંને કથામાં વિસ્તારના જાણીતા અને વિદ્વાન ભાગવત કથાકાર શ્રી દિલીપદાદા ઓઝા વ્યાસપીઠે બિરાજમાન થઈ પોતાની સંગીતમય શૈલીમાં ભાગવતનું રસપાન કરાવશે. પ્રથમ કથાનો પ્રારંભ ૧૦ એપ્રિલથી ૧૬ એપ્રિલ દરમિયાન મનમંદિર રેસિડેન્સીમાં આવેલા મહાકાલેશ્વર મંદિર પરિસરમાં, જ્યારે બીજી કથા દુર્લભેશ્વર મહાદેવ મંદિરે મે મહિના ની તારીખ ૨ થી ૮ દરમિયાન આયોજિત થશે. આ પ્રસંગે શાસ્ત્રી દિલીપદાદાએ જણાવ્યું હતું કે આવા ધાર્મિક આયોજનો રાજુલાના રહેવાસીઓમાં મહાદેવ પ્રત્યેની ભક્તિ અને સનાતન સંસ્કૃતિ પ્રત્યેનો લગાવ વધુ મજબૂત બનાવે છે.



**સંકુલ ફી સ્ટ્રક્ચર ૨૬-૨૭**

| વિગત | વાર્ષિકફી |
|---|---|
| ગુ.મી. નર્સરી–KG-1-2 | ૪૨૦૦ |
| પ્રાથમિક ધો. ૧ થી ૫ | ૬૨૦૦ |
| ઉચ્ચ પ્રાથમિક ધો. ૬ થી ૮ | ૭૩૦૦ |
| માધ્યમિક ધો. ૯ – ૧૦ | ૮૬૦૦ |
| ઉ.મા. ધો. ૧૧–૧૨ આર્ટસ | ૯૯૦૦ |
| ઉ.મા. ધો. ૧૧–૧૨ કોમર્સ | ૧૦,૮૦૦ |
| ઉ.મા. ધો. ૧૧–૧૨ સાયંસ | ૩૦,૦૦૦ |
| ઈ.મી. નર્સરી–KG-1-2 | ૬૯૦૦ |
| GSEB ધો. ૧ થી ૫ | ૮૮૦૦ |
| GSEB ધો. ૬ થી ૮ | ૧૦,૮૦૦ |
| GSEB ધો. ૯ – ૧૦ | ૧૨,૮૦૦ |
| GSEB ધો. ૧૧–૧૨ કોમર્સ | ૧૬,૧૦૦ |
| GSEB ધો. ૧૧–૧૨ સાયંસ | ૩૦,૦૦૦ |
| ICSE ધો. ૧ થી ૫ | ૧૦,૬૦૦ |
| ICSE ધો. ૬ થી ૮ | ૧૨,૮૦૦ |
| ICSE ધો. ૯ – ૧૦ | ૧૫,૨૦૦ |
| આર્ટસકોલેજ(Psy.-Soc.-Eng.) | ૧૫,૪૦૦ |
| કોમર્સ કોલેજ(બન્ને મીડીયમ) | ૨૦,૧૦૦ |
| સાયંસ કોલેજ(માઈક્રો–BT) | ૨૮,૯૦૦ |
| B.C.A. કોલેજ | ૨૮,૯૦૦ |
| B.B.A. કોલેજ | ૨૧,૬૦૦ |
| M.A. કોલેજ(Psy.-Soc.-Eng.) | ૨૦,૧૦૦ |
| M.Com. કોલેજ(બન્નેમીડીયમ) | ૨૦,૧૦૦ |
| M.Sc. કોલેજ(માઈક્રો–BT) | ૪૦,૦૦૦ |
| PG-DMLT કોલેજ | ૪૦,૦૦૦ |
| P.T.C. કોલેજ | ૨૦,૦૦૦ |
| B.Ed. કોલેજ | ૪૪,૦૦૦ |
| M.B.A. કોલેજ | ૪૫,૦૦૦ |
| M.C.A. કોલેજ | ૪૫,૦૦૦ |
| B.Pharm. કોલેજ | ૬૦,૦૦૦ |
| M.Pharm. કોલેજ | ૯૦,૦૦૦ |
| ગર્લ્સ હોસ્ટેલ ધો. ૬ થી ૮ | ૨૫,૮૦૦ |
| ગર્લ્સ હોસ્ટેલ ધો. ૯ થી ૧૨ | ૨૯,૩૦૦ |
| ગર્લ્સ હોસ્ટેલ FY થી PG | ૩૧,૧૦૦ |

**શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત સંચાલિત**
શ્રી લેઉવા પટેલ ટ્રસ્ટ સ્કૂલ કોલેજ હોસ્ટેલ
સ્થળ:-શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા શૈક્ષણિક સંકુલ(લેઉવા પટેલ ટ્રસ્ટ) અમરેલી -Ad007


# સાવરકુંડલામાં વડીલોપાર્જિત મકાનમાં કપડાં ધોવા જેવી નજીવી બાબતે મહિલા પર લાકડી અને ઢીકાપાટુ વડે હુમલો

સાવરકુંડલા, તા.૧૦

સાવરકુંડલામાં વડીલોપાર્જિત મકાનમાં રહેવા બાબતે અને ઘરકામ કરવા જેવી સામાન્ય બાબતમાં ઉશ્કેરાઈ જઈને ત્રણ શખ્સોએ પરિવારના જ સભ્યો પર હુમલો કરી જાનથી મારી નાખવાની ધમકી આપ્યાની ઘટના સામે આવી હતી. બનાવ અંગે શરીફાબેન હુસૈનભાઈ માલવીયાએ ઈમરાનભાઈ ઈસ્માઈલભાઈ માલવીયા, અફસાનાબેન ઈમરાનભાઈ માલવીયા તથા હલુબેન ઈસ્માઈલભાઈ માલવીયા સામે ફરિયાદ નોંધાવી હતી. જે મુજબ ફરિયાદી મહિલાનું સાવરકુંડલામાં વડીલોપાર્જિત મકાન આવેલું છે, જેમાં આરોપીઓ વસવાટ કરે છે. આ મકાનના બાથરૂમમાં પરિવારના એક સભ્ય કપડાં ધોવા માટે ગયા હતા. આ બાબત આરોપીને પસંદ ન આવતા તેઓએ તકરાર શરૂ કરી હતી. તેમજ ઉશ્કેરાઈ જઈને તેમને શરીરે ઢીકાપાટુનો આડેધડ માર માર્યો હતો.ઉપરાંત બિભત્સ ગાળો આપી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. સાવરકુંડલા ટાઉન પોલીસ સ્ટેશનના એએસઆઈ જે.જે.રાઠોડ વધુ તપાસ કરી રહ્યા છે.

# અમરેલીના જશવંતગઢ પાસે જૂની અદાવતમાં યુવક પર હુમલો

**છરી બતાવી જાનથી મારી નાખવાની ધમકી આપતા પોલીસ ફરિયાદ નોંધાઈ**

અમરેલી, તા.૧૦

અમરેલી જિલ્લાના જશવંતગઢ ગામ પાસે જૂના ઝઘડાના સમાધાન મામલે એક યુવકને નિશાન બનાવી ગાળો આપી, માર મારી જાનથી મારી નાખવાની ધમકી આપ્યાની ઘટના સામે આવી હતી. ફેજલભાઈ કાદરભાઈ બીલખીયા (ઉ.વ.૨૩) એ મહાવીરભાઈ સરવૈયા વધુ તપાસ કરી રહ્યા છે. પોલીસમાં જાહેર થયેલી વિગત પ્રમાણે, આરોપીએ તેને 'સ્પીકર લેવા જવું છે' તેમ કહીને વિશ્વાસમાં લઈ જશવંતગઢ ગામ પાસે બોલાવ્યો હતો. અગાઉ આ બંને પક્ષો વચ્ચે જશવંતગઢમાં કોઈ બાબતે ઝઘડો થયો હતો, જેમાં પછીથી સમાધાન થઈ ગયું હતું.

જોકે, આરોપીને આ સમાધાન મંજૂર ન હોય તેમ તેણે યુવકને ટોણો મારતા કહ્યું હતું કે, તારામાં કંઈ નથી, તે સમાધાન કેમ કરી લીધું? આટલું કહી આરોપીએ ઉશ્કેરાઈ જઈને ફરિયાદીને બિભત્સ ગાળો આપી હતી.

ત્યારબાદ આરોપીએ છરી બતાવી યુવકને ગાલ પર લાફો ઝીંકી દીધો હતો અને આવનારા સમયમાં જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. અમરેલી તાલુકા પોલીસ સ્ટેશનના એએસઆઈ જે કે વાળા વધુ તપાસ કરી રહ્યા છે.

# ચૂંટણીને લઈ બગસરા પોલીસ દ્વારા ફૂટ પેટ્રોલીંગ હાથ ધરાયુ

બગસરા,તા.૧૦

બગસરામાં આગામી તાલુકા, જિલ્લા અને નગરપાલિકાની ચૂંટણીઓને ધ્યાનમાં રાખીને પોલીસ પ્રશાસન સતર્ક બન્યું છે. આ સંદર્ભમાં પી.આઈ. વી.કે. ગોલવેલકરના નેતૃત્વ હેઠળ સમગ્ર શહેરમાં ફૂટ પેટ્રોલિંગનું આયોજન કરવામાં આવ્યું હતું. પોલીસ સ્ટાફ બગસરા પોલીસ સ્ટેશનથી પ્રસ્થાન કરી ગામના મુખ્ય માર્ગો અને સંવેદનશીલ વિસ્તારોમાં ફર્યો હતો. આ કામગીરીનો મુખ્ય ઉદ્દેશ્ય ચૂંટણી દરમિયાન શાંતિપૂર્ણ વાતાવરણ જાળવવાનો અને સામાન્ય નાગરિકોમાં સુરક્ષા તેમજ નિર્ભયતાની ભાવના મજબૂત કરવાનો હતો.












## જાહેર નોટીસ
**(મિલ્કત વેંચાણ બાબત)**

આથી સર્વે જનતાને તથા સબંધિત વ્યક્તિઓને અને જાહેર સંસ્થાઓ તેમજ બેન્કો અને ફાઈનાન્સ કંપનીઓ વિગેરે લગતા વળગતા તમામને જાહેર કરવામાં આવે છે કે, ગામ અમરેલી, તા. જી. અમરેલીની હદમાં આવેલ નીચે વર્ણવેલ મિલકતના માલિક દ્વારા આ મિલકત અમોએ વેચાણ લીધેલ છે.

**મિલકતનું વર્ણન :-**

ગામ અમરેલી, તા. જી. અમરેલીની રેવન્યુ સર્વે નં. ૧૮૬ ની જમીનમાં આવેલ પલ્ટ નં.૨૦ કે જે અમીધારા પાર્ક-૧, લાઠી રોડમાં આવેલ છે અને તેના ચો.મી ૧૭૮-૬૧ છે જે અમારા અસિલ **શ્રી અશોકભાઈ કનુભાઈ જાવિયા,** રહે. અમરેલી વાળાએ તા.૧૧/૦૩/૨૦૨૨ ના રોજ ખરીદ કરેલ છે તથા તે અંગેના તમામ હકકિયત, હિત અને હકદારીઓ સાથે વેચાણ કરવાની કાર્યવાહી ચાલી રહી છે. ઉપરોક્ત મિલકત અંગે કોઈ વ્યક્તિ, સંસ્થા, બેંક, સહકારી મંડળી અથવા અન્ય કોઈને કોઈપણ પ્રકારનો હક, હિત, દાવો, ગીરવે હક, બોજો, લેણદેણ, કોર્ટ કેસ, અટકાયત હુકમ, ચાર્જ, ઈઝમેન્ટ હક અથવા અન્ય કોઈ વાંધો હોય તો આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયાની તારીખથી ૧૫ (પંદર) દિવસની અંદર તેના પુરાવા સાથે લેખિતમાં નીચે દર્શાવેલ સરનામે જાણ કરવી.

નક્કી કરેલ સમયમર્યાદામાં કોઈ વાંધો પ્રાપ્ત નહી થાય તો ઉપરોક્ત મિલકત અંગે કોઈનો હક કે દાવો નથી એમ માની આગળની વેચાણ દસ્તાવેજ કરવાની કાર્યવાહી કરવામાં આવશે અને ત્યારબાદ કોઈપણ પ્રકારનો દાવો માન્ય ગણવામાં આવશે નહીં.

આ નોટીસ એડવોકેટ શ્રી રામભાઈ બી. કમાણી, અમરેલી ના અસીલના આદેશથી આપવામાં આવે છે.

**તારીખ:૦૩/૦૪/૨૦૨૬**
**સ્થળ:અમરેલી**

**એડવોકેટ**
**રામભાઈ બી. કમાણી**
**અમરેલી**
**મો.૯૮૭૯૫૭૨૫૫૨**

## નામ બદલાવેલ છે

હું આથી જાહેર કરનાર, **મહેરુન ઈસ્માઈલ નગરીયા,** મારૂ જૂનુ નામ **મહેરુનનીસા ઈસ્માઈલભાઈ નગરીઆ** થી બદલીને નવુ નામ **મહેરુન ઈસ્માઈલ નગરીયા** કરવામાં આવ્યુ છે.
તેથી હું **મહેરુન ઈસ્માઈલ નગરીયા** તરીકે ઓળખાવ છું.
સહી : **મહેરુન ઈસ્માઈલ નગરીયા**
**સરનામુ :-** સવજી પરા રોડ, લુહાર વાડી પાસે, ફેરીયા પા અમરેલી -૩૬૫૬૦૧

## નામ બદલાવેલ છે

હું આથી જાહેર કરનાર, **મહેરુન ઈસ્માઈલ નગરીયા,** મારૂ જૂનુ નામ **મહેરુનબેન ઈસ્માઈલભાઈ નગરીઆ** થી બદલીને નવુ નામ **મહેરુન ઈસ્માઈલ નગરીયા** કરવામાં આવ્યુ છે.
તેથી હું **મહેરુન ઈસ્માઈલ નગરીયા** તરીકે ઓળખાવ છું.
સહી : **મહેરુન ઈસ્માઈલ નગરીયા**
**સરનામુ :-** સવજી પરા રોડ, લુહાર વાડી પાસે, ફેરીયા પા અમરેલી -૩૬૫૬૦૧

## નામ બદલાવેલ છે

હું આથી જાહેર કરનાર, **ઈસ્માઈલ હબીબભાઈ નગરીયા,** મારૂ જૂનુ નામ **ઈસ્માઈલભાઈ હબીબભાઈ નગરીઆ** થી બદલીને નવુ નામ **ઈસ્માઈલ હબીબભાઈ નગરીયા** કરવામાં આવ્યુ છે.
તેથી હું **ઈસ્માઈલ હબીબભાઈ નગરીયા** તરીકે ઓળખાવ છું.
સહી : **ઈસ્માઈલ હબીબભાઈ નગરીયા**
**સરનામુ :-** સવજી પરા રોડ, લુહાર વાડી પાસે, ફેરીયા પા અમરેલી -૩૬૫૬૦૧

## નામ બદલાવેલ છે

હું આથી જાહેર કરનાર, **મોહસીન ઈસ્માઈલ નગરીયા,** મારૂ જૂનુ નામ **મોહસીન ઈસ્માઈલભાઈ નગરીઆ** થી બદલીને નવુ નામ **મોહસીન ઈસ્માઈલ નગરીયા** કરવામાં આવ્યુ છે.
તેથી હું **મોહસીન ઈસ્માઈલ નગરીયા** તરીકે ઓળખાવ છું.
સહી : **મોહસીન ઈસ્માઈલ નગરીયા**
**સરનામુ :-** સવજી પરા રોડ, લુહાર વાડી પાસે, ફેરીયા પા અમરેલી -૩૬૫૬૦૧

## નામ બદલાવેલ છે

હું આથી જાહેર કરનાર, **મહેરુન ઈસ્માઈલ નગરીયા,** મારૂ જૂનુ નામ **મહેરુનબેન ઈસ્માઈલભાઈ નગરીઆ** થી બદલીને નવુ નામ **મહેરુન ઈસ્માઈલ નગરીયા** કરવામાં આવ્યુ છે.
તેથી હું **મહેરુન ઈસ્માઈલ નગરીયા** તરીકે ઓળખાવ છું.
સહી : **મહેરુન ઈસ્માઈલ નગરીયા**
**સરનામુ :-** સવજી પરા રોડ, લુહાર વાડી પાસે, ફેરીયા પા અમરેલી -૩૬૫૬૦૧

## નામ બદલાવેલ છે

હું આથી જાહેર કરનાર, **ઈસ્માઈલ હબીબભાઈ નગરીયા,** મારૂ જૂનુ નામ **ઈસ્માઈલ હબીબભાઈ નગરીઆ** થી બદલીને નવુ નામ **ઈસ્માઈલ હબીબભાઈ નગરીયા** કરવામાં આવ્યુ છે.
તેથી હું **ઈસ્માઈલ હબીબભાઈ નગરીયા** તરીકે ઓળખાવ છું.
સહી : **ઈસ્માઈલ હબીબભાઈ નગરીયા**
**સરનામુ :-** સવજી પરા રોડ, લુહાર વાડી પાસે, ફેરીયા પા અમરેલી -૩૬૫૬૦૧

# અમરેલી એલસીબીએ આંતરરાજ્ય ઘરફોડ ચોરીનો રીઢો ગુનેગાર ઝડપી પાડ્યો

અમરેલી,તા.૧૦

અમરેલી એલ.સી.બી. પોલીસ ઈન્સ્પેક્ટર સી.પી.વાઘેલાની રાહબરી હેઠળની ટીમે એક મહત્વની સફળતા મેળવી છે. સાવરકુંડલા રૂરલ પોલીસ સ્ટેશનમાં નોંધાયેલ ઘરફોડ ચોરીના ગુના સહિત કુલ સાત ગંભીર ગુનાઓમાં નાસતા ફરતા લીસ્ટેડ આરોપી બળવંતસિંહ ગુલાબસિંહ બધેલને મધ્યપ્રદેશના અલીરાજપુર જિલ્લાના જોબટ તાલુકાના બડી કદવાલ ગામેથી દબોચી લેવામાં આવ્યો છે. આ આરોપી રાજકોટ શહેરના આજીડેમ અને બી-ડિવિઝન, જૂનાગઢના વંથલી અને મધ્યપ્રદેશના કનાડીયા પોલીસ સ્ટેશનના વિવિધ ગુનાઓમાં પોલીસને હાથતાળી આપી રહ્યો હતો. આ આરોપી તે પોતાના વતનથી ખાનગી વાહનમાં આવી સૌ પ્રથમ મોટરસાઈકલની ચોરી કરતો અને ત્યારબાદ રાત્રિના સમયે બંધ મકાનોને નિશાન બનાવતો હતો. તે લોખંડના કટર અને પકડ જેવા ઓજારોથી તાળા તોડી ચોરી કર્યા બાદ દિવસ દરમિયાન વાડી વિસ્તારોમાં છુપાઈ જતો હતો. હાલ આરોપીને વધુ તપાસ અર્થે સાવરકુંડલા રૂરલ પોલીસને સોંપવામાં આવ્યો છે.



# બાબરાના વાંકીયા ગામની વાડીમાંથી લીલા ગાંજાના છોડ સાથે એક શખ્સ ઝડપાયો

**પોલીસે આરોપી વિરૂધ્ધ ગૂનો નોંધી તપાસ શરૂ કરી**

બાબરા, તા.૧૦

બાબરા તાલુકાના વાંકીયા ગામની સીમમાં પોલીસે બાતમીના આધારે દરોડો પાડી, ખેતરમાં ગેરકાયદેસર રીતે કરવામાં આવેલા ગાંજાના વાવેતરને ઝડપી પાડ્યું હતું. પોલીસે ખેતરમાંથી લીલા ગાંજાના છોડ અને મુદ્દામાલ સાથે આરોપીની અટકાયત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. મળતી માહિતી મુજબ, વાંકીયા ગામની સીમમાં આવેલી એક વાડીમાં માદક પદાર્થનું વાવેતર થયું હોવાની ચોક્કસ બાતમી પોલીસને મળી હતી. જેના આધારે પોલીસે ઓચિંતો દરોડો પાડતા ડાયાભાઈ ભીખાભાઈ વાળા (ઉ.વ.-૪૦)એ પોતાની માલિકીની વાડી/ખેતરમાં કોઈપણ પાસ-પરમિટ વગર ગેરકાયદેસર રીતે નશીલા પદાર્થ એવા ગાંજાના છોડનું વાવેતર કરેલું હોવાનું માલૂમ પડ્યું હતું. પોલીસે ખેતરમાંથી મૂળ અને માટી સાથેના લીલા ગાંજાના કુલ ૨ નંગ છોડ જપ્ત કર્યા હતા. આ જપ્ત કરાયેલા ગાંજાનું કુલ વજન ૧ કિલો ૫૦ ગ્રામ જેટલું થાય છે, જેની બજાર કિંમત અંદાજે રૂ.૫૨,૫૦૦ આંકવામાં આવી હતી. પોલીસે આ તમામ મુદ્દામાલ કબજે કરી, આરોપી વિરુધ્ધ એન.ડી.પી.એસ. એક્ટ મુજબ ગુનો નોંધી આગળની તપાસ શરૂ કરી હતી.

# બગસરાના નવનિયુક્ત પીઆઈ સામે અનેક પડકારો, પોલીસની કામગીરી પર નજર

બગસરા,તા.૧૦

બગસરા પોલીસ સ્ટેશનમાં મહિલા પી.આઈ. આઈ. જે. ગીડાની બદલી થતા હવે પી. આઈ. વી. કે. ગોલવેલકરે ચાર્જ સંભાળ્યો છે. લાંબા સમય બાદ પુરુષ અધિકારીની નિમણૂક થતા લોકોમાં ઉકેલની આશા જાગી છે. નવા અધિકારી સમક્ષ દેશી દારૂનું બેફામ વેચાણ અટકાવવું સૌથી મોટો પડકાર છે. આ ઉપરાંત, મુખ્ય માર્ગો પરની જટિલ ટ્રાફિક સમસ્યા અને વાહનોના આડેધડ પાર્કિંગથી જનતા પરેશાન છે. ખાસ કરીને શૈક્ષણિક સંસ્થાઓ પાસે અસામાજિક તત્વોની રોમિયોગીરી ડામી દેવી અનિવાર્ય છે. જોકે, શરૂઆતના બે દિવસમાં જ બે બુટલેગરોને જેલભેગા કરી પોલીસે મક્કમ નિર્ધાર બતાવ્યો છે. હવે આગામી સમયમાં પોલીસ કેટલી કડકાઈથી લોકોની સમસ્યાઓ દૂર કરે છે તે જોવું રહ્યું.

# ધારીના મીઠાપુર ગાયત્રી મંદિર ખાતે આરોગ્ય કેમ્પ યોજાયો

અમરેલી,તા.૧૦

ધારી તાલુકાના મીઠાપુર ખાતે આવેલા ગાયત્રી મંદિરના પટાંગણમાં તાજેતરમાં એક વિશેષ આરોગ્ય કેમ્પનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ કેમ્પમાં મુખ્યત્વે સરકારી આયુર્વેદિક સારવાર અને આંખના મોતિયાના નિદાન પર વિશેષ ધ્યાન આપવામાં આવ્યું હતું. કાર્યક્રમ દરમિયાન નિષ્ણાંત તબીબોએ દર્દીઓની ઝીણવટભરી તપાસ કરી હતી અને જે દર્દીઓને મોતિયાના ઓપરેશનની તાતી જરૂરિયાત જણાતી હતી તેઓને વધુ સારવાર અર્થે રાજકોટની પ્રખ્યાત રણછોડદાસ બાપુ હોસ્પિટલ ખાતે મોકલવાની વ્યવસ્થા કરવામાં આવી હતી. આ સમગ્ર માનવતાવાદી કાર્યનું સફળ સંચાલન ગાયત્રી સંસ્કાર ધામના વડા પૂ.રતિદાદાના સીધા માર્ગદર્શન હેઠળ થયું હતું. આ કેમ્પને સફળ બનાવવામાં સ્થાનિક સેવાભાવી કાર્યકરો અને ટ્રસ્ટના સભ્યોએ ભારે જહેમત ઉઠાવી હતી.



# અમરેલીમાં ટાવર રોડ મોદી શેરીમાંથી ૫ જુગારી ઝડપાયા

**પોલીસે જુગાર સ્થળેથી રૂા.૧૦,૩૦૦નો મુદ્દામાલ ઝડપી પાડ્યો**

અમરેલી, તા.૧૦

અમરેલી જિલ્લામાં જુગારની મોસમ પૂરબહારમાં ખીલી હોય તેવુ લાગી રહ્યુ છે.

અમરેલીમાં ટાવર રોડ મોદી શેરીમાંથી પોલીસે પાંચ જુગારીને ઝડપ્યા હતા. તેમની પાસેથી ૧૦,૩૦૦ રૂપિયાનો મુદ્દામાલ મળી આવ્યો હતો. સલીમભાઈ જીકરભાઈ મોગલ, જીજ્ઞેશભાઈ રમેશભાઈ ચાવડા, અનીલભાઈ જસકુભાઈ ડેર, રેહાનભાઈ મહમદભાઈ અગવાન તથા મીતભાઈ જયેશભાઈ પંડ્યા જાહેરમાં ગંજીપત્તાનાં પાના વડે પૈસાની હાર જીતનો તીનપત્તીનો જુગાર રમતા રોકડ રકમ રૂા.૧૦,૩૦૦ના મુદ્દામાલ સાથે ઝડપાયા હતા.

# સાવરકુંડલાથી ૪ વર્ષની દીકરી સાથે ગારીયાધાર જવા નીકળેલી મહિલા ગુમ

સાવરકુંડલા, તા.૧૦

સાવરકુંડલા શહેરમાંથી એક ચિંતાજનક સમાચાર સામે આવ્યા છે.વિધુતનગર વિસ્તારમાં રહેતી એક મહિલા પોતાની ૪ વર્ષની માસૂમ દીકરી સાથે રહસ્યમય સંજોગોમાં ગુમ થતા પરિવારજનો દ્વારા શોધખોળ હાથ ધરવામાં આવી હતી. બનાવ અંગે દીલીપનાથ કનુનાથ નાથજી (ઉ.વ.૩૮)એ જાહેર કર્યા મુજબ, તેમના પત્ની નેહાબેન દીલીપનાથ નાથજી (ઉંમર વર્ષ ૩૬) પોતાના ઘરેથી ભાઈના ઘરે ગારીયાધાર જવા નીકળ્યા હતા. તેમની સાથે તેમની ૪ વર્ષની દીકરી પણ હતી. જોકે, ગારીયાધાર પહોંચવાને બદલે માતા-પુત્રી રસ્તામાં જ ક્યાંક લાપતા થઈ ગયા હતા. માતા-દીકરી ગારીયાધાર ન પહોંચતા અને તેમની કોઈ ભાળ ન મળતા પરિવારજનો ચિંતામાં મુકાયા હતા. ફરિયાદના આધારે સાવરકુંડલા પોલીસે ગુમશુદાની નોંધ કરી માતા-પુત્રીની શોધખોળ શરૂ કરી હતી. જો કોઈને આ મહિલા અથવા બાળકી અંગે જાણકારી મળે તો નજીકના પોલીસ સ્ટેશનમાં સંપર્ક કરવા વિનંતી કરવામાં આવી હતી. સાવરકુંડલા ટાઉન પોલીસ સ્ટેશનના એએસઆઈ જે જે રાઠોડ વધુ તપાસ કરી રહ્યા છે.

# અમરેલીમાં કુંકાવાવ રોડ પર આવેલા ફાર્મ હાઉસને તસ્કરોએ નિશાન બનાવ્યું

અમરેલી, તા.૧૦

અમરેલીના કુંકાવાવ રોડ પર ચોરીની એક ઘટના સામે આવી છે, જેમાં તસ્કરોએ એક ફાર્મ હાઉસમાં ગેરકાયદેસર પ્રવેશ કરી કિંમતી સામાનની ચોરી કરી છે. અમરેલીના કુંકાવાવ રોડ પર આવેલ 'વિ.કે.પટેલ ફાર્મ' ખાતે આ ચોરીની ઘટના બની હતી. જયંતીભાઈ બાબુભાઈ ઠુંમર (ઉ.વ.૫૬)એ આ અંગે અજાણ્યા ઈસમ સામે ફરિયાદ નોંધાવી હતી. જે મુજબ ફાર્મ હાઉસમાં બેસવા માટે બે માળની ઘાસની ખુલ્લી ઝૂંપડી બનાવી હતી. કોઈ અજાણ્યા તસ્કરે આ વાડીના ભાગમાં ગેરકાયદેસર રીતે પ્રવેશ કર્યો હતો. તસ્કરોએ ઝૂંપડીમાં ફિટ કરેલા ૪ નંગ પંખા અને ત્યાં રાખેલું એક કુલર મળી કુલ રૂ.૧૫,૦૦૦નો મુદ્દામાલ ચોરી કરી ફરાર થઈ ગયા હતા. અમરેલી સિટી પોલીસ સ્ટેશનના પીએસઆઈ એન. બી.ભટ્ટ વધુ તપાસ કરી રહ્યા છે.

# ડેડાણ ગામેથી સુરત પાસિંગની કારમાંથી વિદેશી દારૂની ૬ બોટલ ઝડપાઈ

અમરેલી, તા.૧૦

અમરેલી જિલ્લામાં પોલીસ દ્વારા પ્રોહિબીશનની પ્રવૃત્તિ સામે લાલઆંખ કરવામાં આવી છે.

ડેડાણ ગામે જીન વિસ્તારમાંથી મૂળ જેસરના અને હાલ સુરત રહેતા ચીરાગભાઈ ગોબરભાઈ જાદવ (ઉ.વ.૩૨) ની સુરત પાસિંગની કારમાંથી ભારતીય બનાવટના વિદેશી દારૂની બોટલ મળી હતી. પોલીસે દારૂની બોટલ, કાર સહિત કુલ ૨,૦૦,૨૭૦ રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. ખાંભા પોલીસ સ્ટેશનના એએસઆઈ આર.જે.રાઠોડ વધુ તપાસ કરી રહ્યા છે. જિલ્લામાં ૩૦ લોકો પાસેથી પીવાનો દેશી દારૂ મળ્યો હતો. ભેરાઈ, ચિતલ, મોણપુર, ચલાલા, અમરેલીમાંથી મળી ૪૧૨ લીટર દેશી દારૂ બનાવવાનો આથો પકડાયો હતો. ચાંચ ગામે દેશી દારૂ ગાળવાની ભઠ્ઠી ઝડપાઈ હતી. ડુંગર, ખાંભા, સાવરકુંડલા, ચિતલ, તરકતળાવમાંથી એક-એક તથા બગસરામાંથી બે મળી કુલ સાત ઈસમો પાસ પરમીટ વગર કેફી પીણું પીધેલી હાલતમાં ફરતા મળી આવ્યા હતા.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૮૨, તિથિ:નોમ
તા.૧૧-૦૪-૨૦૨૬, શનિવાર, સૂર્યોદય-૦૬:૨૬,
સૂર્યાસ્ત-૦૬:૫૪, જૈન નવકારશી-૮-૧૦,
નક્ષત્ર: ઉત્તર અષાઢા

## દૈનિક રાશિફળ

**તા.૧૧-૦૪-૨૦૨૬ — શનિવાર**

- મેષ: આજે તમે લોકોમાં પ્રિય બનશો. તમારામાં વિશેષ આકર્ષણ રહેશે. કાયમી મિલકત સંબંધિત ક્ષેત્રોમાં સારા લાભ થશે.
- વૃષભ: ભાગ્યની દ્રષ્ટિએ આજનો દિવસ સારો રહેશે. જો થોડા દિવસોથી શરીરમાં કોઈ સમસ્યા હોય છે તો તેમાં સુધારો થશે.
- મિથુન: આજે તમારા કાર્યક્ષેત્રના શત્રુઓ વધુ મજબૂત થશે. આજે તમારામાં નિર્ભયતાની ભાવના રહેશે.
- કર્ક: આજે બુદ્ધિ અને જ્ઞાન વધશે. તમારા પૂરા પ્રયત્નોથી ઇચ્છા પૂર્ણ થશે. નિયમ દ્વારા તમારું સન્માન થવાની પ્રબળ સંભાવના છે.
- સિંહ: જો તમે વિદ્યાર્થી છો તો તમારી શૈક્ષણિક દિશા બદલાશે. શિક્ષણ પ્રત્યે તમારી રુચિ વધશે. આજે તમે નવા કાર્યો શીખવામાં સફળ થશો.
- કન્યા: આજે તમારે તે વાતનું પૂરું ધ્યાન રાખવું જોઈએ કે સામેની વ્યક્તિને ખરાબ ના લાગે. આજે તમારી વર્તણૂકને પણ ધ્યાનમાં રાખો.
- તુલા: આજે આવક કરતા વધુ ખર્ચ થશે. બાળક દ્વારા કરવામાં આવેલા શ્રેષ્ઠ કાર્યથી તમારું માન વધશે.
- વૃશ્ચિક: આજે તમારે કોઈ કારણ વિના નાના ભાઈ-બહેનોના અસહકારનો ભાગ બનવું પડશે.
- ધન: આવક વધારવાના પ્રયત્નો ૧૦૦ ટકા સફળ થશે. શ્રેષ્ઠ માર્ગ દ્વારા પ્રાપ્ત થતા ભંડોળમાં વધારો થશે.
- મકર: આજે તમારામાં પરોપકાર અને દાનની લાગણી વધવા માંડશે. આજે તમે ધાર્મિક કાર્યક્રમોમાં વધુ સમય પસાર કરશો.
- કુંભ: આજે તમારી પોતાની સંપત્તિમાં વધારો થશે. તમને તમારા મોસાળ તરફથી પણ માન મળશે.
- મીન: આજે પૂર્વજો પાસેથી સંપત્તિ મળવાની સંભાવના છે. આ સિવાય આજે તંત્ર-મંત્ર પ્રત્યેની રુચિ પણ વધી શકે છે.

# સાવરકુંડલાના કુંડલપુર હનુમાનજી મંદિરે દ્વિ-દિવસીય ભવ્ય પાટોત્સવનું આયોજન

સાવરકુંડલા,તા.૧૦

સાવરકુંડલાના મેઈન બજારમાં બિરાજતા કુંડલપુર હનુમાનજી મંદિર ખાતે પાટોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. આ ધાર્મિક મહોત્સવ મહંત કરશનગિરિબાપુ, લઘુમહંત બાવ બાપુ તથા દર્શનગિરિ બાપુ (લાલબાપુ)ના માર્ગદર્શન હેઠળ ઉજવવામાં આવશે. પાટોત્સવના પ્રથમ દિવસે, તારીખ ૧૧-૦૪-૨૦૨૬ ને શનિવારના રોજ રાત્રે ૮:૩૦ કલાકે લોહાણા મહાજન વાડી ખાતે ભોજન પ્રસાદનું સુંદર આયોજન કરવામાં આવ્યું છે. ત્યારબાદ રાત્રે ૯:૦૦ કલાકથી મંદિર પરિસર, મેઈન બજાર ખાતે બગસરા મંડળ દ્વારા ભવ્ય 'સુંદરકાંડ'ના પાઠનું આયોજન રાખવામાં આવ્યું છે. મહોત્સવના બીજા દિવસે, તારીખ ૧૨-૦૪-૨૦૨૬ ને રવિવારના રોજ સવારે ૯:૦૦ કલાકથી 'હોમાત્મક પંચ કુંડી યજ્ઞ'નો પ્રારંભ થશે, જેની પૂર્ણાહુતિ સાંજે ૪:૩૦ કલાકે બીડું હોમવાની વિધિ સાથે થશે. આ પાવન પ્રસંગે જૂનાગઢ, અમરેલી અને સાવરકુંડલા પંથકના અનેક નામી-અનામી સંતો-મહંતો આશીર્વાદ પાઠવવા ખાસ ઉપસ્થિત રહેશે. કુંડલપુર હનુમાનજી મંદિરના સેવકગણ અને મનોરથી પરિવાર દ્વારા તમામ ધર્મપ્રેમી જનતાને પધારવા ભાવભર્યું આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.




# અમરેલીની RBSK ટીમ દ્વારા બાળકના હૃદય રોગની તપાસ અને સારવાર કરાઈ

અમરેલી,તા.૧૦

અમરેલી તાલુકાની આર. બી.એસ.કે. ટીમ દ્વારા શાળા આરોગ્ય કાર્યક્રમ અંતર્ગત હાથ ધરવામાં આવેલી તપાસમાં એક બાળકમાં હૃદય સંબંધિત ગંભીર સમસ્યા હોવાનું નિદાન થયું હતું. મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડૉ. આર.એમ. જોષી અને અન્ય ઉચ્ચ અધિકારીઓના માર્ગદર્શન હેઠળ ડૉ. વસીમ ભટ્ટી અને તેમની ટીમે સમયસૂચકતા વાપરી બાળકને વધુ સારવાર માટે અમદાવાદની યુ.એન. મહેતા હોસ્પિટલ ખાતે રિફર કર્યો હતો. તમામ વહીવટી પ્રક્રિયાઓ પૂર્ણ કર્યા બાદ ૨૬ જુલાઈ ૨૦૨૫ના રોજ બાળકના હૃદયનું સફળ ઓપરેશન કરવામાં આવ્યું હતું. આરોગ્ય વિભાગના આ સઘન પ્રયાસોને કારણે બાળક અત્યારે સંપૂર્ણપણે સ્વસ્થ છે અને તબીબો દ્વારા તેનું નિયમિત ફોલોઅપ લેવામાં આવી રહ્યું છે.

# તું દિકરાને જન્મ આપતી નથી તેમ કહી સાસુએ વહુને ઘરેથી કાઢી મુકી

બાબરા, તા.૧૦

બાબરાના બળેલ પીપરીયા ગામની પરિણીતાને સાસુએ તું દિકરાને જન્મ આપતી નથી તેમ કહી ઘરેથી કાઢી મુકી હતી. પતિએ ગાળો આપીને ઢીકાપાટુ માર્યા હતા. સાસરિયાના સિતમથી પિયર પરત ફર્યા બાદ કાજલબેન મધુભાઈ બગડાએ રાજકોટના લોધીકાના રાવકી ગામે રહેતા પતિ રવિભાઈ રસીકભાઈ બગડા તથા સાસુ રેખાબેન રસીકભાઈ બગડા સામે ફરિયાદ નોંધાવી હતી.પોલીસમાં જાહેર થયેલી વિગત પ્રમાણે, તેમના પતિ અવાર-નવાર દારૂ પી ગાળો આપી ઢીકાપાટુનો મુઢ માર મારતાં હતા. તેમજ સાસુ ઘરકામ બાબતે શારીરીક માનસીક દુઃખ ત્રાસ આપતા હતા અને કરીયાવર બાબતે મેણાટોણા મારતા હતા. બે વર્ષ પહેલા પતિએ તેને ગાળો આપી ઢીકાપાટુનો મુઢમાર મારીને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. સાસુએ તું દિકરાને જન્મ આપતી નથી તેમ કહી અવાર નવાર શારીરીક માનસીક દુઃખત્રાસ આપી તેને ઘરેથી કાઢી મુકી હતી. બાબરા પોલીસ સ્ટેશનના એએસઆઈ આર.વી.સિંધવ વધુ તપાસ કરી રહ્યા છે.

# લાઠી શહેર ભાજપ પ્રમુખ દ્વારા ભાઈઓ-બહેનોને પગરખાનું કરાયું વિતરણ

લાઠી,તા.૧૦

લાઠી શહેર ભાજપ પ્રમુખ ધર્મેશ સોની દ્વારા આજે માનવતા મહેકાવતું પ્રેરણાદાયી કાર્ય કરવામાં આવ્યું હતું. તેમણે શહેરના ૧૦૦ જેટલા જરૂરિયાતમંદ ભાઈઓ અને બહેનોને પગરખાંનું વિતરણ કરીને સેવાનો નાનો પણ પ્રશંસનીય પ્રયાસ કર્યો હતો. સેવા, સંકલ્પ અને સમર્પણના મંત્ર સાથે ભારતીય જનતા પાર્ટીની વિચારધારાથી પ્રેરાઈને તેમણે આ આયોજન કર્યું હતું. આ તકે તેમણે જણાવ્યું કે પક્ષના માર્ગદર્શન હેઠળ સતત જનસેવાના કાર્યો કરવાની તેમને પ્રેરણા મળે છે અને આ સહકાર બદલ તેમણે ભાજપ પરિવારનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો હતો.



તંત્રી લેખ

# યુધ્ધની ભયાનક આગના અણસાર

મધ્યપૂર્વમાં યુધ્ધવિરામ જાહેર થયા છતાં પરિસ્થિતિ હજી પણ અગ્નિ જેવી જ્વલંત અને અસ્થિર બની રહી છે. અમેરિકા અને ઈરાન વચ્ચે થયેલા નાજુક યુધ્ધવિરામથી એક સમય માટે શાંતિની આશા જાગી હતી, પરંતુ મેદાનમાં ચાલી રહેલી સૈનિકી પ્રવૃત્તિઓ આ આશાને નબળી પાડતી દેખાઈ રહી છે. ખાસ કરીને ઈઝરાઈલ દ્વારા લેબનોન પર કરવામાં આવતા સતત અને તીવ્ર હુમલાઓને કારણે વિસ્તારમાં ફરી એકવાર મોટા સંઘર્ષની ભીતિ ઊભી થઈ છે. ઈસ્લામાબાદમાં અમેરિકા અને ઈરાન વચ્ચે યોજાનારી મહત્વપૂર્ણ વાટાઘાટો પહેલાં જ પરિસ્થિતિમાં આ પ્રકારનો તણાવ ઉદ્ભવવો ચિંતાજનક છે. થોડા દિવસ પહેલાં જાહેર થયેલા બે અઠવાડિયાના યુધ્ધવિરામને આંતરરાષ્ટ્રીય સમુદાયે સકારાત્મક રીતે સ્વીકાર્યો હતો, પરંતુ ઈઝરાઈલના વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહૂ દ્વારા લેબનોનમાં હિઝબુલ્લાહ સામે કરવામાં આવેલા આક્રમક પગલાંઓએ પરિસ્થિતિને વધુ જટિલ બનાવી છે. આ હુમલાઓમાં નિર્દોષ નાગરિકો પણ ભોગ બનતા હોવાને કારણે માનવતાવાદી ચિંતા વધતી જાય છે. આ સંજોગોમાં અમેરિકાના પૂર્વ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પની ભૂમિકા મહત્વપૂર્ણ બની શકે છે. અમેરિકા પાસે ઈઝરાઈલ પર પ્રભાવ પાડી શકે તેવી ક્ષમતા છે, અને તે જ કારણે ટ્રમ્પ દ્વારા સ્પષ્ટ અને મજબૂત વલણ અપનાવવાની જરૂર જણાઈ રહી છે. જો ઈઝરાઈલ પોતાની સૈનિકી કાર્યવાહી ચાલુ રાખશે, તો ઈરાન તરફથી પણ ઉગ્ર પ્રતિસાદ આવી શકે છે, જે સમગ્ર મધ્યપૂર્વને ફરી યુધ્ધના કિનારે લઈ જઈ શકે છે. લેબનોન પર ઈઝરાઈલના તાજેતરના હુમલાઓએ વૈશ્વિક સ્તરે પણ ચિંતા ઊભી કરી છે. યુરોપિયન દેશોએ આ કાર્યવાહી પર ટીકા કરી છે, છતાં ઈઝરાઈલ તરફથી આક્રમકતા ઘટાડવાના કોઈ સંકેતો મળતા નથી. નેતન્યાહૂએ સ્પષ્ટ જણાવ્યું છે કે હિઝબુલ્લાહ સામેની કાર્યવાહી જરૂરી હોય ત્યાં સુધી ચાલુ રહેશે. આ પ્રકારના નિવેદનો યુધ્ધવિરામને નબળું બનાવે છે અને રાજદ્વારી પ્રયાસોને અવરોધે છે. હિઝબુલ્લાહ લાંબા સમયથી ઈઝરાઈલ માટે સુરક્ષા પડકાર રહ્યો છે, પરંતુ ઈતિહાસ દર્શાવે છે કે માત્ર સૈનિકી કાર્યવાહીથી સમસ્યાનો કાયમી ઉકેલ મળતો નથી. ગાઝામાં થયેલા વિનાશ પછી પણ આ હકીકત સ્પષ્ટ બની છે કે સતત હુમલાઓથી પરિસ્થિતિ વધુ ગંભીર બને છે. નાગરિકો પર પડતા પ્રહારો હિંસા અને અસંતોષને વધુ પ્રેરણા આપે છે, જે લાંબા ગાળે શાંતિ સ્થાપિત કરવા માટે અવરોધરૂપ બને છે. લેબનોનની હાલત ખાસ કરીને દયનીય બની ગઈ છે. લાખો લોકો વિસ્થાપિત થયા છે, હજારોના મોત થયા છે અને દેશની મૂળભૂત સુવિધાઓ ખોરવાઈ ગઈ છે. આવી પરિસ્થિતિમાં દક્ષિણ લેબનોનમાં નવા સુરક્ષા ઝોન બનાવવાની યોજના વધુ વિવાદાસ્પદ બની રહી છે. આ પગલું માનવતાવાદી સંકટને વધુ ઊંડું કરી શકે છે અને પ્રદેશમાં અસ્થિરતા વધારી શકે છે. આ પરિસ્થિતિમાં ઈરાનની પ્રતિક્રિયા પણ મહત્વપૂર્ણ છે. હોર્મુઝ જળસંધિ જેવા વ્યૂહાત્મક માર્ગ પર કોઈપણ વિક્ષેપ વૈશ્વિક ઊર્જા પુરવઠા પર સીધી અસર કરી શકે છે. જો યુદ્ધવિરામ તૂટશે, તો તેની અસર માત્ર મધ્યપૂર્વ સુધી મર્યાદિત નહીં રહે, પરંતુ સમગ્ર વિશ્વમાં તેલ અને ખાદ્ય સુરક્ષા પર પણ અસર પડશે. આથી સ્પષ્ટ થાય છે કે હાલની પરિસ્થિતિમાં મજબૂત નેતૃત્વ અને સમજદારીપૂર્વકના નિર્ણયો અત્યંત જરૂરી છે. રાજદ્વારી માર્ગ જ એકમાત્ર ટકાઉ ઉકેલ છે, અને તમામ પક્ષોએ સંયમ દાખવવાની જરૂર છે. જો સમયસર અસરકારક હસ્તક્ષેપ નહીં થાય, તો હાલની નાજુક શાંતિ ભંગાઈ શકે છે અને સમગ્ર વિશ્વ માટે ગંભીર પરિણામો ઉભા થઈ શકે છે.


# રાષ્ટ્રનું ગૌરવ સ્વદેશી અણુ ઊર્જા મથક કલ્પક્કમ



પ્રાસંગિક
સુરેશ દેસાઈ

તમિલનાડુના દરિયાકાંઠે આવેલું કલ્પક્કમનું પરમાણુ મથક ભારત માટે ગૌરવની વાત છે. અહીં શરૂ થયેલી 'ફાસ્ટ બ્રીડર રિએક્ટર' ટેકનોલોજી માત્ર વીજળી ઉત્પાદનનો નવો માર્ગ નથી, પરંતુ દેશને આત્મનિર્ભર બનાવવાની દિશામાં એક મજબૂત પગલું છે. આ જટિલ વિજ્ઞાનને આપણે સરળ અને ગામઠી ભાષામાં સમજવાનો પ્રયત્ન કરીએ, જાણે આપણે વરંડામાં બેઠા બેઠા વાત કરી રહ્યા હોઈએ.સૌપ્રથમ, રિએક્ટર શું છે તે સમજીએ. રિએક્ટર એક મજબૂત અને સુરક્ષિત પોલાણ છે, જેમાં યુરેનિયમ અને પ્લુટોનિયમ જેવા અણુ બળતણ રાખવામાં આવે છે. આ બળતણ સામાન્ય પથ્થરો જેવા દેખાય છે, પરંતુ તેમાં અપાર ઊર્જા છુપાયેલી હોય છે. જ્યારે આ બળતણ પર 'ન્યુટ્રોન' નામના અતિ સૂક્ષ્મ કણો અથડાય છે, ત્યારે તે નાના ટુકડાઓમાં વિભાજિત થાય છે. આ પ્રક્રિયાને 'અણુ વિભાજન' કહેવામાં આવે છે. આ વિભાજન દરમિયાન એટલી પ્રચંડ ગરમી ઉત્પન્ન થાય છે કે તેને સૂર્યના ટુકડાની ગરમી સાથે સરખાવી શકાય. આ ગરમી એટલી ભયાનક હોય છે કે કોઈ પણ સામાન્ય વસ્તુ તેને સહન કરી શકતી નથી. તેથી રિએક્ટરની આસપાસ મજબૂત સુરક્ષા સ્તરો બનાવવામાં આવે છે, જેથી ગરમી અને કિરણોત્સર્ગ બહાર ન નીકળી શકે. આ સમગ્ર પ્રક્રિયાને નિયંત્રિત કરવી ખૂબ જ મુશ્કેલ છે, પરંતુ વૈજ્ઞાનિકોએ વર્ષોની મહેનતથી તેને સુરક્ષિત બનાવી છે.હવે પ્રશ્ન આવે કે આ ગરમીનો ઉપયોગ કેવી રીતે થાય છે? સીધી રીતે આ ગરમીનો ઉપયોગ કરવો જોખમી છે, એટલે વૈજ્ઞાનિકોએ એક અનોખી રીત અપનાવી છે. તેઓ 'પ્રવાહી સોડિયમ'નો ઉપયોગ કરે છે. સોડિયમ એક એવી ધાતુ છે જે ઊંચા તાપમાને પીગળી જાય છે અને પ્રવાહી બની જાય છે. આ પ્રવાહી સોડિયમ રિએક્ટરના અંદર પાઈપોમાં ફરતું રહે છે અને ઉત્પન્ન થતી ગરમીને પોતાની સાથે લઈ જાય છે. આને આપણે ઘરેલું ઉદાહરણથી સમજીએ. માનો કે તમે રસોડામાં તવો ગરમ કરો છો. તે તવો સીધો હાથમાં પકડવો શક્ય નથી, પરંતુ તમે લોખંડની સળી વડે તે ગરમીને બીજી જગ્યાએ લઈ જઈ શકો છો. અહીં સોડિયમ એ સળીનું કામ કરે છે. તે ગરમીને એક જગ્યાએથી બીજી જગ્યાએ લઈ જાય છે, પણ પોતે ફરી ઠંડુ થઈને પાછું રિએક્ટરમાં ફરી જાય છે. પછી આ ગરમ સોડિયમ 'હીટ એક્સ્ચેન્જર'માં પહોંચે છે. હીટ એક્સ્ચેન્જર એક મોટી ટાંકી છે, જેમાં પાઈપોની જટિલ ગોઠવણી હોય છે. આ પાઈપોમાંથી ગરમ સોડિયમ પસાર થાય છે અને તેની આસપાસ પાણી હોય છે. સોડિયમની ગરમીથી પાણી ગરમ થઈને વરાળમાં પરિવર્તિત થાય છે. આ વરાળ ખૂબ જ દબાણવાળી અને શક્તિશાળી હોય છે.હવે આ વરાળ 'ટર્બાઈન' તરફ મોકલવામાં આવે છે. ટર્બાઈન એક એવી મશીન છે જેમાં મોટા પાંખિયા હોય છે. જ્યારે વરાળ તેના પર જોરથી અથડાય છે, ત્યારે ટર્બાઈન ઝડપથી ફરવા માંડે છે. આ પ્રક્રિયા પવનચક્કી જેવી જ છે, ફક્ત અહીં પવનના બદલે વરાળનો ઉપયોગ થાય છે. ટર્બાઈન સાથે 'જનરેટર' જોડાયેલું હોય છે. જ્યારે ટર્બાઈન ફરે છે, ત્યારે જનરેટર પણ ફરે છે. જનરેટરના અંદર ચુંબક અને તાંબાના તાર હોય છે, જેની ગતિથી વીજળી ઉત્પન્ન થાય છે. આ વીજળીને પછી ટ્રાન્સફોર્મર દ્વારા ઊંચા વોલ્ટેજમાં બદલીને લાંબા અંતર સુધી મોકલવામાં આવે છે. આ રીતે આ વીજળી આપણા ઘરો, શાળાઓ, હોસ્પિટલો અને ઉદ્યોગોમાં પહોંચે છે. હવે સૌથી મહત્વની બાબત સમજીએ 'ફાસ્ટ બ્રીડર' શું છે? સામાન્ય પરમાણુ રિએક્ટરમાં જેટલું બળતણ વપરાય છે, તેટલી જ ઊર્જા મળે છે. પરંતુ ફાસ્ટ બ્રીડર રિએક્ટર તેમાં એક પગલું આગળ છે. તે માત્ર ઊર્જા ઉત્પન્ન કરતું નથી, પરંતુ નવા બળતણનું નિર્માણ પણ કરે છે. 'બ્રીડર'નો અર્થ થાય છે 'ઉછેર કરનાર'. આ રિએક્ટર વપરાયેલ બળતણમાંથી વધુ બળતણ તૈયાર કરે છે. સરળ ભાષામાં કહીએ તો, તમે જેટલું બળતણ નાખો છો, તેના કરતાં થોડું વધારે બળતણ તમને પાછું મળે છે. આ પ્રક્રિયા એવી જ છે જેમ ગાય દૂધ આપે છે અને સાથે વાછરડાને જન્મ પણ આપે છે. આ ટેકનોલોજી ભારત માટે ખૂબ જ મહત્વપૂર્ણ છે, કારણ કે ભારત પાસે યુરેનિયમની મર્યાદિત માત્રા છે, પરંતુ થોરિયમ ભરપૂર પ્રમાણમાં છે. ફાસ્ટ બ્રીડર રિએક્ટર થોરિયમને પણ ઉપયોગી બળતણમાં ફેરવી શકે છે. એટલે ભવિષ્યમાં ભારત પોતાની જ કુદરતી સંપત્તિ પરથી વીજળી ઉત્પન્ન કરી શકશે. થોરિયમ ખાસ કરીને ભારતના દરિયાકાંઠે આવેલી રેતીમાં ભરપૂર પ્રમાણમાં મળે છે. જો આ ટેકનોલોજી સફળ થાય, તો ભારતને વિદેશી બળતણ પર નિર્ભર રહેવાની જરૂર નહીં પડે. આ દેશને ઊર્જા ક્ષેત્રમાં આત્મનિર્ભર બનાવશે. કલ્પક્કમમાં આવેલી આ સુવિધા માત્ર એક પાવર પ્લાન્ટ નથી, પરંતુ ભારતના વૈજ્ઞાનિકોના વર્ષોના સંશોધન અને મહેનતનું પરિણામ છે. દુનિયાના થોડાક દેશો પાસે જ આ પ્રકારની અદ્યતન ટેકનોલોજી છે, અને ભારત તેમાં સ્થાન પામે છે. આ સમગ્ર પ્રક્રિયા બતાવે છે કે વિજ્ઞાન અને ટેકનોલોજીનો યોગ્ય ઉપયોગ કેવી રીતે દેશના વિકાસમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી શકે છે. કલ્પક્કમનું ફાસ્ટ બ્રીડર રિએક્ટર ભારતને ઊર્જા ક્ષેત્રમાં મજબૂત અને સ્વતંત્ર બનાવવાના માર્ગ પર આગળ ધપાવી રહ્યું છે.

## શબ્દ સંજોગ-૨૧૭૮



**આડી ચાવી :**
(૧) એક પ્રખ્યાત મોઘલ બાદશાહ (૪)
(૩) ચંદ્ર અને કામદેવ (૨)
(૬) જમીનની અંદર ગયેલો સમુદ્રનો ફાંટો (૩)
(૭) સૈન્ય, પાંદડું (૨)
(૯) કુસ્તી કરવા માટેની જગ્યા (૩)
(૧૦) .....શ્રી ખોડીયાર (૨)
(૧૧) અભિપ્રાય (૨)
(૧૨) યુક્તિ, પ્રયુક્તિ (૨)
(૧૪) ખચીત, બસ (૨)
(૧૫) ખાટું (૨)
(૧૭) એક સુગંધીદાર વનસ્પતિ (૩)
(૧૮) અમૃત, મીઠાશ (૨)
(૧૯) .....દૂરથી રળીયામણા (૩)
(૨૧) ડગે નહીં એવું (૩)
(૨૪) મનુષ્ય તરીકેની જીંદગી (૩)
(૨૫) દુર્ભાગ્ય, સંકટ (૩)
(૨૬) એક છંદ (૩)
(૨૭) એક રમત (૧)

**ઉભી ચાવી :**
(૧) દવા (૩)
(૨) એક બેકરી પ્રોડક્ટ (૨)
(૩) બાવાઓ રહેતા હોય તે જગા (૩)
(૪) .....જણાવવાનું કે (૨)
(૫) વગર ગુરૂએ ભણેલો બાહોશ ગવૈયો (૩)
(૬) ખોદયા વગર બનેલું કુદરતી તળાવ (૩)
(૮) થોડા વાળની સેર (૨)
(૯) સમયનો સુમાર (૩)
(૧૦) તહોમત, આક્ષેપ (૨)
(૧૨) તેજાબ, એસીડ (૨)
(૧૩) એક કઠોળ (૩)
(૧૪) ગત વર્ષના રહી ગયેલા કપાસના જડિયા ફુટી તે ઉપર નવો કપાસ થાય તે (૩)
(૧૫) રસકસ, પાણી (૨)
(૧૬) રાગરહિત, નિર્વિકાર (૩)
(૧૮) ઉતાવળું, ત્વરીત ( ૨ )
(૨૦) બારણાની ભૂંગળ (૨)
(૨૧) એક કલ્પિત પંખી (૩)
(૨૨) ઝઘડો, ગોટાળો (૨)
(૨૩) દુશ્મન, ક્રોધ (૨)
(૨૪) એક તેજાનો (૨)

## શબ્દ સંજોગ-૨૧૭૭ જવાબ

**આડી ચાવી** : (૧) આલિંગન (૪) સાર્થક (૬) જગન્નાથ (૮) સત (૧૦) ઉર (૧૨) સમા (૧૪) બાણ (૧૫) રતિ (૧૬) રસમ (૧૮) ડીન (૨૦) જ્ઞાન (૨૨) જાપ (૨૪) હાશ (૨૫) કોલમ (૨૮) ઓરી (૨૯) દોરવણી (૩૦) હારડો (૩૧) કુંદન.
**ઉભી ચાવી** : (૧) આસો (૨) ગજર (૩) નગ (૪) સાથ (૫) કસ (૭) ન્નાઅ (અન્ના) (૯) તરાપ (૧૦) ઉમા (૧૧) જણસ (૧૨) સગડી (૧૩) પ્રતિજ્ઞા (૧૪) બાર (૧૭) મજા (૧૯) નહારી (૨૧) નકોરડો (૨૩) પલટન (૨૬) લવ (૨૭) મણીકું (૨૮) ઓમ (૨૯) દોર.

# સૌરાષ્ટ્ર માર્કેટિંગયાર્ડ

| | | |
|---|---|---|
| **રાજકોટ** | | |
| કપાસ બી.ટી. | ૧૫૫૦ | ૧૭૭૫ |
| ઘઉં લોકવન | ૪૨૫ | ૪૯૦ |
| ઘઉં ટુકડા | ૪૪૦ | ૬૧૯ |
| જુવાર સફેદ | ૮૪૦ | ૯૫૨ |
| જુવાર લાલ | ૮૬૦ | ૧૦૨૦ |
| જુવાર પીળી | ૪૫૦ | ૫૦૦ |
| તુવેર | ૧૩૭૦ | ૧૫૭૦ |
| ચણા પીળા | ૯૨૫ | ૧૦૭૮ |
| ચણા સફેદ | ૧૧૩૫ | ૧૭૯૦ |
| અડદ | ૧૨૭૦ | ૧૬૦૦ |
| મગ | ૯૦૦ | ૧૮૦૦ |
| વાલ દેશી | ૯૦૦ | ૧૨૮૦ |
| ચોળી | ૧૨૭૬ | ૧૫૩૫ |
| વટાણા | ૬૫૦ | ૧૦૮૦ |
| કળથી | ૩૦૬ | ૭૦૨ |
| રાજમા | ૮૦૦ | ૧૯૬૦ |
| સીંગદાણા | ૧૮૫૦ | ૨૦૫૦ |
| મગફળી જાડી | ૧૩૩૦ | ૧૬૧૦ |
| મગફળી જીણી | ૧૩૮૦ | ૧૭૩૦ |
| તલી | ૧૬૦૦ | ૨૧૫૦ |
| સુરજમુખી | ૧૪૦૦ | ૧૪૦૦ |
| એરંડા | ૧૧૬૩ | ૧૨૬૦ |
| અજમો | ૧૬૧૦ | ૨૩૦૧ |
| સુવા | ૧૫૨૦ | ૧૭૦૦ |
| સોયાબીન | ૮૦૦ | ૧૦૨૫ |
| સીંગફાડા | ૧૪૦૦ | ૧૬૦૦ |
| કાળા તલ | ૨૬૦૦ | ૪૧૦૦ |
| લસણ | ૭૪૦ | ૧૬૫૦ |
| ધાણા | ૨૧૦૦ | ૨૫૦૦ |
| મરચા સુકા | ૨૦૦૦ | ૬૦૦૦ |
| ધાણી | ૨૩૦૦ | ૨૮૦૦ |
| વરીયાળી | ૧૩૦૦ | ૨૪૦૦ |
| જીરૂ | ૩૬૦૦ | ૪૧૫૦ |
| રાય | ૧૩૫૦ | ૧૪૫૦ |
| મેથી | ૧૦૫૦ | ૧૫૬૦ |
| ઇસબગુલ | ૧૭૦૦ | ૨૨૪૯ |
| અશેરીયો | ૮૫૦ | ૧૧૩૫ |
| કલોંજી | ૨૨૫૦ | ૩૨૭૦ |
| રાયડો | ૧૦૫૦ | ૧૧૮૦ |
| **રાજકોટ (શાકભાજી)** | | |
| કેરી કાચી | ૫૦૬ | ૭૦૮ |
| લીંબુ | ૧૫૨૩ | ૩૦૦૬ |
| સાકરટેટી | ૧૫૬ | ૩૦૯ |
| તરબુચ | ૧૪૨ | ૨૪૮ |
| પપૈયા | ૬૪ | ૧૩૧ |
| બટેટા | ૯૫ | ૨૫૮ |
| ડુંગળી સુકી | ૩૧ | ૨૪૦ |
| ટમેટા | ૯૨ | ૨૪૮ |
| સુરણ | ૭૯૬ | ૯૨૭ |
| કોથમરી | ૨૦૪ | ૩૦૨ |
| મુળા | ૩૪૬ | ૪૨૧ |
| રીંગણા | ૧૯૮ | ૩૪૧ |
| કોબીજ | ૬૧ | ૧૦૩ |
| ફ્લાવર | ૨૬૪ | ૪૮૬ |
| ભીંડો | ૩૮૯ | ૭૯૮ |
| ગુવાર | ૫૮૪ | ૯૦૭ |
| ચોળાસીંગ | ૭૧૧ | ૧૦૧૧ |
| વાલોળ | ૬૦૪ | ૮૧૩ |
| ટીંડોળા | ૩૧૩ | ૭૯૬ |
| દુધી | ૧૪૨ | ૨૦૬ |
| કારેલા | ૩૧૯ | ૪૨૧ |
| સરગવો | ૨૫૩ | ૫૦૭ |
| તુરીયા | ૪૧૬ | ૬૧૯ |
| પરવર | ૭૦૨ | ૮૧૮ |
| કાકડી | ૨૦૬ | ૪૮૫ |
| ગાજર | ૧૬૪ | ૩૪૭ |
| વટાણા | ૧૧૯૪ | ૧૬૧૧ |
| ગલકા | ૩૫૪ | ૫૧૭ |
| બીટ | ૮૧ | ૧૪૩ |
| મેથી | ૨૦૬ | ૩૦૭ |
| વાલ | ૮૮૬ | ૯૯૫ |
| ડુંગળી લીલી | ૧૫૩ | ૨૫૭ |
| આદુ | ૯૬૧ | ૧૧૦૭ |
| મરચા લીલા | ૩૯૮ | ૬૦૩ |
| લસણ લીલુ | ૮૧૯ | ૧૧૨૩ |
| મકાઇ લીલી | ૧૦૩ | ૨૧૩ |
| ગુંદા | ૩૫૯ | ૬૧૯ |
| **ગોંડલ** | | |
| કપાસ | ૧૪૦૧ | ૧૭૮૧ |
| મગફળી જીણી | ૧૨૦૧ | ૧૬૨૬ |
| સિંગદાણા જાડા | ૧૫૦૧ | ૧૮૯૧ |
| સિંગ ફાડીયા | ૧૨૦૧ | ૧૭૯૧ |
| એરંડા / એરંડી | ૧૦૫૧ | ૧૨૬૧ |
| વરીયાળી | ૫૯૧ | ૭૭૬ |
| ધાણા | ૧૬૦૧ | ૨૭૦૧ |
| ડુંગળી લાલ | ૩૧ | ૨૩૧ |
| અડદ | ૮૫૧ | ૧૬૭૧ |
| તુવેર | ૧૦૦૦ | ૧૫૯૧ |
| રાયડો | ૯૯૧ | ૧૧૭૧ |
| રાય | ૧૧૭૧ | ૧૨૬૧ |
| મેથી | ૯૦૧ | ૧૫૫૧ |
| કાંગ | ૪૧૧ | ૬૧૧ |
| મગફળી જાડી | ૧૧૫૧ | ૧૬૧૧ |
| મગફળી ૬૬ | ૧૩૦૦ | ૧૪૦૬ |
| તલ - તલી | ૧૪૨૧ | ૨૨૯૧ |
| ધાણી | ૧૭૦૧ | ૨૮૦૧ |
| ડુંગળી સફેદ | ૧૮૦ | ૨૪૪ |
| બાજરો | ૩૦૧ | ૩૫૧ |
| જુવાર | ૭૦૦ | ૯૨૧ |
| મકાઇ | ૩૪૧ | ૪૪૧ |
| મગ | ૯૫૧ | ૧૭૯૧ |
| વાલ | ૭૦૧ | ૧૨૫૧ |
| ચોળા / ચોળી | ૫૨૧ | ૧૨૧૧ |
| સોયાબીન | ૮૫૦ | ૧૦૮૧ |
| ગોગળી | ૧૦૦૧ | ૧૪૧૧ |
| વટાણા | ૫૫૧ | ૧૦૭૧ |
| **ગોંડલ (શાકભાજી)** | | |
| ટમેટા | ૬૦ | ૩૦૦ |
| મરચા | ૨૦૦ | ૧૪૦૦ |
| ગુવાર | ૨૦૦ | ૧૦૦૦ |
| કોબી | ૬૦ | ૨૦૦ |
| દુધી | ૪૦ | ૩૦૦ |
| ફ્લાવર | ૪૦ | ૫૦૦ |
| કાકડી | ૧૦૦ | ૬૦૦ |
| રીંગણા | ૧૦૦ | ૫૦૦ |
| ભીંડો | ૨૦૦ | ૮૦૦ |
| ગલકા | ૧૦૦ | ૫૦૦ |
| ગાજર | ૧૦૦ | ૩૦૦ |
| ટિંડોરા | ૨૦૦ | ૬૦૦ |
| વાલ | ૧૮૦ | ૧૬૦૦ |
| વટાણા | ૧૮૦ | ૧૮૦૦ |
| શક્કરીયા | ૨૦૦ | ૩૦૦ |
| કેરી કાચી | ૪૦૦ | ૧૬૦૦ |
| બટેટા | ૧૫૦ | ૨૪૦ |
| ડુંગળી પુરા | ૩ | ૫ |
| કોથમીર પુરા | ૧ | ૪ |
| મુળા પુરા | ૩ | ૮ |
| ફોદીનો પુરા | ૧ | ૩ |
| આંબલી | ૫૦૦ | ૬૦૦ |
| કાચા કેળા | ૧૦૦ | ૨૦૦ |
| પચકારુ | ૧૪૦ | ૨૦૦ |
| ચૂણ | ૮૦૦ | ૧૦૦૦ |
| હુંદિંઢી | ૧૦૦૦ | ૧૨૦૦ |
| ગુંદા | ૪૦૦ | ૬૦૦ |
| ઘીસોડા | ૨૦૦ | ૯૦૦ |
| લીંબુ | ૨૦૦ | ૩૦૦૦ |
| મેથી પુરા | ૧ | ૮ |
| બીટ પુરા | ૫ | ૮ |
| સરગવો પુરા | ૧૦ | ૨૦ |
| ચોરા | ૨૦૦ | ૮૦૦ |
| કારેલા | ૨૦૦ | ૬૦૦ |
| વાલોર | ૨૦૦ | ૧૨૦૦ |
| આદુ | ૨૦૦ | ૧૨૦૦ |
| ફણશી | ૧૮૦૦ | ૨૦૦૦ |
| મકાઈ ડોડા | ૧૦૦ | ૩૦૦ |
| લસણ પુરા | ૩ | ૫ |
| પાલક પુરા | ૧ | ૩ |
| **અમરેલી** | | |
| શિંગ મોટી | ૧૨૨૫ | ૧૫૩૦ |
| શિંગદાણા ફાડા | ૧૬૦૦ | ૧૮૮૦ |
| તલ સફેદ | ૧૨૯૦ | ૩૦૩૦ |
| તલ કાળા | ૧૯૭૦ | ૩૯૦૦ |
| તલ કાશમીરી | ૧૭૯૦ | ૨૦૯૦ |
| ઘઉં બંસી | ૩૭૫ | ૩૭૫ |
| ઘઉં ટુકડા | ૩૫૦ | ૬૮૦ |
| ઘઉં લોકવન | ૩૭૫ | ૫૧૦ |
| મકાઈ | ૨૦૦ | ૩૮૦ |
| ચણા | ૮૧૫ | ૧૦૫૦ |
| ચણા દેશી | ૧૦૨૦ | ૧૦૫૦ |
| સફેદ ચણા | ૮૬૫ | ૧૨૩૦ |
| છોલે ચણા | ૧૨૪૫ | ૧૫૯૫ |
| તુવેર | ૭૫૦ | ૧૪૭૦ |
| કપાસ | ૭૦૦ | ૧૮૩૫ |
| એરંડા | ૧૦૩૦ | ૧૨૨૫ |
| જીરૂ | ૨૩૧૦ | ૪૧૭૦ |
| રાયડો | ૧૧૦૦ | ૧૧૧૦ |
| રાય | ૧૨૪૦ | ૧૪૪૦ |
| ધાણી | ૧૮૨૫ | ૨૯૪૦ |
| મેથી | ૧૦૪૦ | ૧૩૪૦ |
| સોયાબીન | ૮૦૦ | ૧૦૪૫ |
| મરચા લાંબા | ૧૫૪૦ | ૭૧૮૦ |
| મરચા ઘોલર | ૩૨૦૦ | ૮૮૫૦ |
| વરીયાળી | ૧૫૦૦ | ૨૪૨૫ |
| કાંગ | ૫૨૦ | ૫૨૦ |
| **અમરેલી (શાકભાજી)** | | |
| બટેટા | ૧૬૦ | ૨૪૦ |
| રીંગણા | ૩૦૦ | ૪૦૦ |
| ફ્લાવર | ૩૨૦ | ૪૩૦ |
| કોબીજ | ૯૦ | ૧૧૦ |
| શક્કરીયા | ૩૨૦ | ૪૨૦ |
| ટમેટા | ૧૪૦ | ૨૧૦ |
| સુરણ | ૭૮૦ | ૯૩૦ |
| ગાજર | ૨૬૦ | ૩૦૦ |
| દુધી | ૧૬૦ | ૨૪૦ |
| કારેલા | ૫૨૦ | ૬૨૦ |
| ગલકા | ૩૨૦ | ૪૩૦ |
| ગુંદા | ૪૦૦ | ૬૫૦ |
| કાકડી | ૨૪૦ | ૩૩૦ |
| ગુવાર | ૬૦૦ | ૧૨૦૦ |
| વાલ | ૭૩૦ | ૮૨૦ |
| વટાણા | ૧૫૫૦ | ૧૬૦૦ |
| ચોળા લીલા | ૪૦૦ | ૬૦૦ |
| તુરીયા | ૩૦૦ | ૪૦૦ |
| કાચી કેરી | ૪૦૦ | ૭૫૦ |
| ભીંડો | ૪૦૦ | ૬૩૦ |
| આદુ | ૧૨૦૦ | ૧૨૮૦ |
| કોથમીર | ૨૦૦ | ૩૨૦ |
| મેથીભાજી | ૩૦૦ | ૪૫૦ |
| ફોદીનો | ૩૫૦ | ૪૮૦ |
| ટીંડોરા | ૫૦૦ | ૬૦૦ |
| બીટ | ૨૦૦ | ૩૦૦ |
| સરગવો | ૨૩૦ | ૨૮૦ |
| લીંમડો મીઠો | ૧૭૦ | ૨૦૦ |
| મરચાં લીલાં | ૪૪૦ | ૧૪૦૦ |
| ડુંગળી સુકી | ૧૨૦ | ૨૨૦ |
| લસણ સુકુ | ૧૦૦૦ | ૧૮૦૦ |
| લસણ લીલુ | ૮૦૦ | ૧૨૦૦ |
| પાલક | ૪૦૦ | ૫૫૦ |
| લીંબુ | ૧૮૫૦ | ૨૨૦૦ |
| મકાઈ | ૨૦૦ | ૩૦૦ |
| **સાવરકુંડલા** | | |
| શીંગ જીણી | ૧૩૧૦ | ૧૪૯૦ |
| શીંગ મોટી | ૧૩૪૦ | ૧૫૨૧ |
| તલ સફેદ | ૧૭૦૦ | ૨૧૦૦ |
| તલ કાળા | ૩૨૦૦ | ૩૯૦૦ |
| જીરૂ | ૩૬૫૦ | ૪૩૦૦ |
| કપાસ | ૧૪૦૦ | ૧૭૨૫ |
| ઘઉં લોકવન | ૪૦૦ | ૫૦૦ |
| ઘઉં ટુકડા | ૪૨૫ | ૫૬૦ |
| બાજરો | ૪૦૦ | ૫૦૦ |
| જુવાર | ૪૦૦ | ૯૩૦ |
| મકાઈ | ૪૦૦ | ૪૫૦ |
| મગ | --- | ૧૬૮૦ |
| અડદ | ૭૦૦ | ૧૦૮૦ |
| ચણા | ૧૦૧૦ | ૧૦૭૧ |
| દેશી ચણા | ૧૦૨૦ | ૧૧૧૧ |
| તુવેર | ૧૩૫૦ | ૧૫૨૧ |
| એરંડી | ૧૧૮૦ | ૧૨૩૦ |
| મેથી | ૧૧૦૦ | ૧૩૦૦ |
| રાય/રાયડા | ૧૦૦૦ | ૧૩૬૦ |
| ધાણા | ૧૮૦૦ | ૨૪૦૦ |
| કલોંજી | --- | ૨૯૦૦ |
| રાજગરો | --- | ૧૩૮૦ |
| **ધારી** | | |
| કપાસ | ૧૨૦૦ | ૧૬૯૦ |
| મગફળી | ૧૩૦૦ | ૧૩૭૫ |
| ઘઉં | ૩૨૬ | ૪૩૧ |
| ચણા | ૧૦૦૦ | ૧૦૫૦ |
| ધાણા | ૨૩૫૦ | ૨૬૦૦ |
| તુવેર | ૧૧૩૫ | ૧૪૨૦ |
| અડદ | ૧૪૯૫ | ૧૫૦૦ |
| એરંડા | ૧૧૫૦ | ૧૧૫૦ |
| તલ | ૨૦૦૦ | ૨૦૦૦ |
| કાળા તલ | ૨૮૦૦ | ૨૮૦૦ |
| રાયડો | ૧૧૦૦ | ૧૧૦૦ |
| **બગસરા** | | |
| કપાસ | ૧૨૫૦ | ૧૭૪૭ |
| ઘઉં લોકવન | ૩૩૦ | ૫૦૦ |
| ઘઉં ટુકડા | ૨૫૦ | ૪૭૦ |
| ચણા | ૮૦૦ | ૧૦૩૫ |
| ધાણા | ૧૬૧૫ | ૨૨૭૫ |
| સોયાબીન | ૬૦૦ | ૯૭૦ |
| તુવેર | ૧૧૦૫ | ૧૪૦૦ |
| જીરૂ | ૩૭૫૦ | ૩૭૫૦ |
| મગફળી | ૧૧૫૦ | ૧૪૦૦ |
| મેથી | ૮૦૦ | ૯૦૦ |
| લસણ | ૪૭૦ | ૧૦૦૦ |
| તલ કાળા | ૩૦૦૦ | ૩૦૦૦ |
| જુવાર | ૩૪૦ | ૬૪૫ |
| શીંગદાણા | ૧૬૪૫ | ૧૬૪૫ |
| ચણા સફેદ | ૮૪૦ | ૮૪૦ |
| તલ સફેદ | ૧૮૮૦ | ૨૧૨૦ |
| એરંડી | ૮૦૦ | ૧૧૦૦ |
| ધાણી | ૨૧૪૫ | ૨૧૪૫ |
| મકાઈ | ૨૦૦ | ૨૦૦ |
| કલેજી | ૧૭૦૦ | ૧૭૦૦ |
| અડદ | ૧૦૦૦ | ૧૦૦૦ |
| **બાબરા** | | |
| કપાસ સુપર | ૧૬૩૦ | ૧૮૫૬ |
| કપાસ મીડીયમ | ૧૫૧૦ | ૧૬૨૦ |
| મગફળી | ૧૧૭૦ | ૧૫૨૦ |
| જીરૂ | ૩૧૯૦ | ૪૨૮૦ |
| ચણા | ૧૦૧૫ | ૧૦૬૫ |
| ધાણા | ૧૪૩૦ | ૨૫૮૦ |
| ઘઉં | ૪૭૫ | ૫૩૫ |
| તુવેર | ૧૧૬૦ | ૧૪૩૦ |
| **ભેંસાણ** | | |
| કપાસ | ૧૨૦૧ | ૧૭૭૧ |
| ઘઉં | ૪૦૧ | ૫૩૬ |
| મગ | ૯૦૧ | ૧૬૫૬ |
| ચણા | ૮૦૧ | ૧૦૫૧ |
| અડદ | ૭૦૧ | ૧૫૭૧ |
| તુવેર | ૭૦૧ | ૧૫૧૧ |
| મગફળી | ૮૫૧ | ૧૪૭૬ |
| શિંગફાડા | ૧૨૫૧ | ૧૬૭૧ |
| તલ સફેદ | ૧૧૦૧ | ૨૦૫૧ |
| મેથી | ૮૦૧ | ૧૨૦૧ |
| જીરૂ | ૧૭૦૧ | ૩૮૭૧ |
| ધાણા | ૧૨૦૧ | ૨૪૫૬ |
| સોયાબીન | ૭૦૧ | ૧૦૪૧ |
| **મહુવા** | | |
| શીંગ મઠડી નવી | ૧૪૫૯ | ૧૬૭૮ |
| શીંગ ૩૨ | ૧૦૩૦ | ૧૩૩૮ |
| શીંગ ૩૯ | ૯૦૮ | ૧૪૦૧ |
| શીંગ જી-૨૦ | ૧૨૩૦ | ૧૪૫૨ |
| એરંડા | ૧૧૦૦ | ૧૧૦૦ |
| જુવાર | ૪૦૦ | ૮૫૬ |
| બાજરી | ૨૦૦ | ૫૪૨ |
| ઘઉં ટુકડા | ૩૫૧ | ૬૧૯ |
| મકાઈ | ૩૮૯ | ૩૮૯ |
| અડદ | ૭૩૫ | ૭૩૫ |
| મગ | ૧૦૦૦ | ૧૭૩૫ |
| મેથી | ૮૦૦ | ૧૨૩૦ |
| ચણા | ૯૫૦ | ૧૦૬૩ |
| તલ સફેદ | ૧૯૬૬ | ૨૦૦૦ |
| તલ કાળા | ૧૬૦૦ | ૩૨૦૦ |
| તુવેર | ૪૦૦ | ૧૪૪૦ |
| સોયાબીન | ૯૦૦ | ૧૦૧૨ |
| ડુંગળી લાલ | ૬૦ | ૨૨૧ |
| ડુંગળી સફેદ | ૧૭૦ | ૨૫૦ |
| કપાસ શંકર | ૧૦૮૦ | ૧૭૦૦ |
| નાળીયેર | ૬૦૩ | ૧૭૭૨ |
| **કોડીનાર** | | |
| મગફળી જી-૨૦ | ૧૧૫૦ | ૧૫૨૧ |
| બાજરી હાઈબ્રીડ | ૩૫૦ | ૫૪૭ |
| ઘઉં ટુકડા | ૪૪૧ | ૫૨૦ |
| ઘઉં લોકવન | ૪૦૬ | ૪૮૨ |
| રાય | ૧૩૦૦ | ૧૪૨૬ |
| રાયડો | ૧૦૦૦ | ૧૨૨૨ |
| તુવેર | ૧૦૦૦ | ૧૪૩૫ |
| જુવાર | ૭૫૦ | ૮૭૯ |
| અડદ | ૧૩૦૦ | ૧૬૬૦ |
| એરંડી | ૧૧૦૦ | ૧૨૪૨ |
| ચણા | ૧૦૧૧ | ૧૦૪૮ |
| સોયાબીન | ૧૦૦૦ | ૧૦૭૭ |
| ધાણા | ૧૮૫૦ | ૨૩૬૫ |
| કાંગ | ૪૦૦ | ૫૩૮ |
| **ખાંભા** | | |
| કપાસ | ૧૪૩૨ | ૧૭૮૧ |
| મગફળી | ૧૨૬૦ | ૧૨૬૦ |
| ચણા | ૧૦૨૨ | ૧૦૬૦ |
| તુવેર | ૧૨૫૨ | ૧૫૧૧ |
| ધાણા | ૧૭૦૦ | ૨૩૦૦ |
| મેથી | ૯૦૦ | ૯૦૦ |
| **જામનગર** | | |
| જુવાર | ૫૦૦ | ૫૫૦ |
| ઘઉં | ૪૦૦ | ૫૨૭ |
| મગ | ૯૦૦ | ૧૩૫૫ |
| અડદ | ૧૧૫૫ | ૧૩૩૫ |
| તુવેર | ૯૦૦ | ૧૫૫૦ |
| ચોળી | ૬૫૦ | ૧૩૩૫ |
| વાલ | ૯૦૦ | ૧૦૦૦ |
| મેથી | ૭૦૦ | ૧૫૨૫ |
| ચણા સફેદ | ૧૦૦૦ | ૧૭૭૦ |
| મગફળી જીણી | ૧૦૦૦ | ૧૫૧૦ |
| મગફળી જાડી | ૧૦૦૦ | ૧૫૪૫ |
| એરંડા | ૧૧૦૦ | ૧૨૩૭ |
| રાયડો | ૧૦૫૦ | ૧૨૦૦ |
| રાઈ | ૧૧૦૦ | ૧૪૪૦ |
| લસણ | ૭૫૦ | ૧૩૩૦ |
| કપાસ | ૧૦૦૦ | ૧૬૫૦ |
| જીરૂ | ૩૮૦૦ | ૪૨૧૫ |
| અજમો | ૧૩૭૫ | ૪૬૦૫ |
| અજમાની ભૂસી | ૧૦૦ | ૨૪૦૦ |
| ધાણા | ૧૫૦૦ | ૨૬૪૦ |
| મરચા | ૨૧૦૦ | ૩૫૦૦ |
| ડુંગળી સુકી | ૭૦ | ૨૧૫ |
| સોયાબીન | ૯૦૦ | ૧૦૭૦ |
| વટાણા | ૭૦૦ | ૧૦૬૦ |
| કલોંજી | ૧૦૦૦ | ૩૨૦૦ |
| રાજમા | ૧૦૩૦ | ૧૫૮૦ |
| **રાજુલા** | | |
| શીંગ | ૧૦૨૫ | ૧૩૦૦ |
| તલ સફેદ | ૧૮૪૨ | ૨૧૦૦ |
| તલ કાળા | ૩૧૦૦ | ૩૧૦૦ |
| કપાસ | ૧૩૦૦ | ૧૭૨૫ |
| બાજરો | ૩૦૦ | ૫૨૫ |
| ઘઉં ટુકડા | ૪૦૦ | ૫૯૪ |
| જુવાર | ૩૦૦ | ૯૬૬ |
| તુવેર | ૧૨૦૦ | ૧૩૦૦ |
| ચણા | ૮૨૫ | ૧૦૪૧ |
| ધાણા | ૨૦૦૧ | ૨૦૦૧ |
| મેથી | ૮૦૦ | ૧૦૪૦ |
| રાય | ૧૦૫૧ | ૧૨૦૮ |
| અજમાં | ૧૬૫૧ | ૧૬૫૧ |

Printed and Published by Vasantbhai Bavabhai Movliya on behalf of Director Sanjog India News Private Limited. Printed at Sanjog Press, Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi, near bypaas Amreli -365601 and published at Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi near bypass amreli. Editor Vasantbhai Bavabhai Movliya
Resident Editor : N. B. Desai (Responsible for the selection of News Under PRB Act (c). phone : 02792-225225, RNI.No.:GUJ GUJ/2017/75270, Title code : GUJ GUJ 16801

ઈફકોના ચેરમેન દિલીપ સંઘાણીએ પાંચ પ્રચાર વેનને લીલી ઝંડી બતાવી

# ઈફકો દ્વારા દેશવ્યાપી 'નેનો ખાતર જાગૃતિ મહાભિયાન'નો પ્રારંભ

અમરેલી,તા.૧૦

ભારતની સૌથી મોટી ખાતર સહકારી સંસ્થા 'ઈફકો' (IFFCO) દ્વારા આ જે સત્તાવાર રીતે "નેનો ખાતર જાગૃતિ મહાભિયાન"નો ઐતિહાસિક પ્રારંભ કરવામાં આવ્યો છે. ઈફકોના અધ્યક્ષ દિલીપ સંઘાણીએ નવી દિલ્હી ખાતેથી પાંચ નેનો પ્રચાર વેનને લીલી ઝંડી બતાવી આ રાષ્ટ્રવ્યાપી અભિયાનનો શુભારંભ કરાવ્યો હતો. આ પ્રસંગે ઈફકોના મેનેજિંગ ડિરેક્ટર શ્રી કે. જે. પટેલ સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. દિલીપભાઈ સંઘાણીએ જણાવ્યું હતું કે, આ એકીકૃત રાષ્ટ્રીય જાગૃતિ અભિયાન દેશના ૧૯ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના ૫૬૦ જિલ્લા અને





૩,૪૭૭ તાલુકાઓમાં વ્યાપક રીતે ચલાવવામાં આવશે. આ અભિયાનનો મુખ્ય હેતુ ભારતીય ખેડૂતોમાં નેનો ખાતરના ઉપયોગને પ્રોત્સાહિત કરવાનો અને પરંપરાગત ખાતરો પરની નિર્ભરતા ઘટાડવાનો છે.આ અભિયાન આત્મનિર્ભર ભારત અને આત્મનિર્ભર કૃષિને સાકાર કરે છે. નેનો NPK લિક્વિડ (૮-૮-૧૦) અને નેનો NPK ગ્રેન્યુલર (૨૦-૧૦-૧૦)ને ભારત સરકારના ખાતર નિયંત્રણ આદેશ (FCO) માં સત્તાવાર રીતે સામેલ કરવામાં આવ્યા છે. બ્રાઝિલમાં જૂન ૨૦૨૬ સુધીમાં નવો નેનો ખાતર પ્લાન્ટ શરૂ થશે, જે ભારતની વધતી વૈશ્વિક ક્ષમતાનું પ્રતીક છે. ઈફકોએ અત્યાર સુધી ૨૧૮ લાખથી વધુ નેનો યુરિયા પ્લસ અને ૬૪.૨૬ લાખથી વધુ નેનો DAP ની બોટલોનું વેચાણ હાંસલ કર્યું છે. સંઘાણીએ ઉમેર્યુ કે, નેનો ખાતર માત્ર ઉત્પાદન નથી, પરંતુ જમીન અને પર્યાવરણની સુરક્ષા સાથે ખેડૂતોની આવક વધારવાનું અસરકારક સાધન છે. નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ માં ઈફકોનો કર પૂર્વ નફો રૂ.૪,૨૦૦ કરોડથી વધુ રહેવાનો અંદાજ છે.

# હોમિયોપેથીના સ્થાપક ડૉ. સેમ્યુઅલ હેનેમેનનો સંદેશ લોકો સુધી પહોંચાડતા ડૉ. જીતેન્દ્ર પટેલ

અમરેલી,તા.૧૦

હોમિયોપેથીના સ્થાપક ડૉ. ક્રિશ્ચિયન ફેડરિક સેમ્યુઅલ હેનેમેનના જન્મદિન નિમિત્તે દર વર્ષે ૧૦ એપ્રિલના રોજ 'વિશ્વ હોમિયોપેથી દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે. તેમના દ્વારા પ્રસ્થાપિત કરવામાં આવેલી આ પધ્ધતિ આજે વિશ્વભરમાં જટિલ બીમારીઓના ઉપચાર માટે પ્રચલિત છે. ડૉ. સેમ્યુઅલ




હેનેમેનના આ સિધ્ધાંતોને વરીને અમરેલીમાં ડૉ. જીતેન્દ્ર પટેલ દ્વારા 'સંસ્કાર હોમિયો કેર' માં આવી જ અમૂલ્ય સારવાર પૂરી પાડવામાં આવે છે.

ડૉ. જીતેન્દ્ર પટેલ હોમિયોપેથીની સૌમ્ય શક્તિ દ્વારા જૂનામાં જૂના રોગોને મૂળમાંથી મટાડવા માટે નિષ્ણાંત તરીકે સેવા આપી રહ્યા છે. ડૉ. સેમ્યુઅલ હેનેમેનના આ વારસાને લોકો સુધી પહોંચાડવા બદલ ડૉ. જીતેન્દ્ર પટેલનો પણ આભાર વ્યક્ત કરવામાં આવ્યો છે. સંસ્કાર હોમિયો કેર ખાતે ખાસ કરીને ચામડીના રોગો અને માનસિક તણાવ જેવી સમસ્યાઓ માટે સ્થાયી સુખાકારી અને સારા સ્વાસ્થ્યના હેતુથી સારવાર આપવામાં આવે છે. હોમિયોપેથીના માધ્યમથી લોકોના રોગોને મૂળમાંથી દૂર કરવા માટે ડો. જીતેન્દ્ર પટેલ હંમેશા દર્દીઓની સાથે રહી સેવાકીય કાર્ય કરી રહ્યા છે.

# બગસરામાં ભાજપ દ્વારા બ્રહ્મ સમાજની અવગણના કરવામાં આવી હોવાનો આક્ષેપ

બગસરા,તા.૧૦

બગસરા નગરપાલિકાની આગામી ચૂંટણીમાં ભારતીય જનતા પાર્ટી દ્વારા સમસ્ત બ્રહ્મ સમાજના એક પણ વ્યક્તિને ટિકિટ ન આપવામાં આવતા સમગ્ર શહેરમાં બ્રાહ્મણ સમાજમાં ભારે નારાજગી વ્યાપી છે. પ્રાપ્ત વિગતો અનુસાર, શુક્રવારે સાંજે ભાજપ દ્વારા વિવિધ વોર્ડના ઉમેદવારોની યાદી જાહેર કરવામાં આવી હતી. જેમાં તમામ સમાજના આગેવાનોને ભાજપ દ્વારા ફોન કરવામાં આવ્યા હતા પરંતુ વર્ષોથી ભાજપ સાથે જોડાયેલા બ્રહ્મસમાજના કોઈપણ આગેવાનને પક્ષ તરફથી જાણ કરવામાં આવી ન હોવાનુ જાણવા મળ્યુ છે. ખાસ કરીને વોર્ડ નંબર ૩માં બ્રહ્મ પરિવારોની સંખ્યા વધુ હોવાથી બ્રહ્મ આગેવાને આ બેઠક પરથી મજબૂત દાવેદારી નોંધાવી હતી. તેમ છતાં, ભાજપ દ્વારા સમગ્ર શહેરમાં એક પણ વોર્ડમાં બ્રાહ્મણ ઉમેદવારની પસંદગી કરવામાં આવી નથી તેમ જાણવા મળ્યુ છે. આ નિર્ણયથી આઘાત અનુભવતા બ્રહ્મ સમાજના યુવા કાર્યકરોએ ધારાસભ્ય અને પક્ષના પદાધિકારીઓ સામે રોષ વ્યકત કર્યો હતો અને શહેરના તમામ વોર્ડમાં બ્રહ્મ આગેવાનો દ્વારા ભાજપ વિરૂધ્ધ મતદાન કરવાની હાંકલ કરવાની ચિમકી આપી છે. લેવાની તૈયારી દર્શાવી છે. બ્રહ્મ સમાજના કાર્યકારી પ્રમુખ વેણીશંકરભાઈ ધાંધિયાએ પક્ષને સ્પષ્ટ ચેતવણી આપી છે કે જો પક્ષ આ નિર્ણય પર પુનઃવિચાર નહીં કરે તો આગામી દિવસોમાં સમાજ દ્વારા પક્ષ વિરોધી મતદાન કરી વિરોધ નોંધાવવામાં આવશે. પૂર્વ પ્રમુખ મહેશભાઈ વ્યાસે પણ સમાજને જો ન્યાય નહી મળે તો ભાજપને ગંભીર પરિણામ ભોગવવા પડશે તેવી ગર્ભિત ચિમકી આપી છે.

# પાલિકાની ચૂંટણી પૂર્વે સા.કુંડલા ભાજપમાં ગાબડું, બે આગેવાનો કોંગ્રેસમાં જોડાયા

અમરેલી,તા.૧૦

સાવરકુંડલા નગરપાલિકાની આગામી ચૂંટણી પૂર્વે જ સ્થાનિક રાજકારણમાં મોટો ઉલટફેર જોવા મળ્યો છે. પક્ષ દ્વારા ટિકિટની ફાળવણીમાં અવગણના થતાં ભાજપના પાયાના બે મજબૂત નેતાઓ ધર્મેન્દ્ર મહેતા અને અનિરુદ્ધસિંહ વાજાએ કેસરીયો ત્યાગીને કોંગ્રેસનો હાથ પકડતા ભાજપ છાવણીમાં સોંપો પડી ગયો છે. વોર્ડ નંબર ૬ ના વર્તમાન સભ્ય ધર્મેન્દ્ર મહેતાએ પક્ષના તમામ હોદ્દા પરથી રાજીનામું ધરી દઈને હવે કોંગ્રેસના બેનર હેઠળ વોર્ડ નંબર ૬ માંથી જ ઉમેદવારી નોંધાવી છે.

તેવી જ રીતે શક્તિકેન્દ્રના પૂર્વ પ્રમુખ અનિરુદ્ધસિંહ વાજાએ પણ નારાજગી વ્યક્ત કરી વોર્ડ નંબર ૧ માંથી કોંગ્રેસ પક્ષ તરફથી પોતાનું ફોર્મ ભરતા હવે ચૂંટણી જંગ રસપ્રદ બન્યો છે.

# અમરેલી જિલ્લા સહિત રાજયમાં છેતરપીંડી આચરતા બે શખ્સો ઝડપાયા

ઉના,તા.૧૦

ગીર સોમનાથ પોલીસે ATM કેન્દ્રો પર મદદ કરવાના બહાને લોકો સાથે છેતરપિંડી આચરી રહેલી ગેંગના બે સભ્યોની ધરપકડ કરી છે. ઉના પોલીસે ટેક્નિકલ સર્વેલન્સ અને હ્યુમન સોર્સની મદદથી આ ઓપરેશન પાર પાડ્યું હતું. ઝડપાયેલા આરોપીઓ અમરેલીના સંદીપ આલગિયા અને ધુવનકુમાર મહેતા લોકોનો વિશ્વાસ જીતી તેમના મોબાઈલમાં ગૂગલ એપ્લિકેશન દ્વારા સ્કેન કરાવી નાણાં ટ્રાન્સફર કરી લેતા હતા. આરોપીઓએ ગીર સોમનાથ, અમરેલી, બગસરા, રાજુલા, સુરત, બોટાદ અને રાજકોટ જેવા જિલ્લાઓમાં અનેક લોકોને પોતાનો શિકાર બનાવ્યા હતા. ગત ૨૩ માર્ચ ૨૦૨૬ના



રોજ ઉનામાં આ જ રીતે ૨૦,૦૦૦ રૂપિયાની છેતરપિંડી આચરવામાં આવી હતી. પોલીસ તપાસમાં સામે આવ્યું છે કે મુખ્ય આરોપી સંદીપ સામે અગાઉ પણ છેતરપિંડીના આઠ ગુનાઓ નોંધાયેલા છે. પોલીસે આરોપીઓ પાસેથી મોટરસાયકલ, મોબાઈલ અને રોકડ રકમ કબજે કરીને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. આ ટોળકી મુખ્યત્વે SBI, ICICI y™u HDFC જેવી બેંકોના છ્સ પાસે સક્રિય રહી ૪,૦૦૦ થી ૨૫,૦૦૦ સુધીની રકમની ઠગાઈ કરતી હતી.

# ધોરાજી પંચાયત ચૂંટણીમાં તાલુકા પંચાયતમાં ૨૨ અને જિલ્લા પંચાયતમાં ૪ ફોર્મ ભરાયા

ધોરાજી,તા.૧૦

સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીના પડઘમ વાગી રહ્યા છે ત્યારે ધોરાજીમાં ભાજપ, કોંગ્રેસ અને આપ વચ્ચે ત્રિપાંખિયો જંગ ખેલાશે. ધોરાજી તાલુકા પંચાયતની ૧૬ બેઠકો માટે અત્યાર સુધીમાં ૨૨ ફોર્મ ભરાયા છે, જ્યારે જિલ્લા પંચાયતની બેઠકો માટે ૪ ઉમેદવારોએ દાવેદારી નોંધાવી છે.ભાજપ દ્વારા તમામ ૧૬ બેઠકોના ઉમેદવારોના નામની જાહેરાત કરવામાં આવી છે, જેમાં ભાદાજાળીયાથી નીતાબેન ચાવડા, મોટી મારડ-૨ થી ભાવેશભાઈ હુંબલ અને પાટણવાવથી મહિપતપુરી ગોસ્વામી સહિતના અગ્રણીઓનો સમાવેશ થાય છે. જિલ્લા પંચાયતની મોટી મારડ બેઠક પર અંજુબેન મુછડીયા અને સુપેડી બેઠક પર પારુલબેન કણસાગરાને ટિકિટ આપવામાં આવી છે. તમામ પક્ષો દ્વારા એડીચોટીનું જોર લગાવવામાં આવતા રાજકીય માહોલ ગરમાયો છે.

# લીલીયામાં પંચાયતની ચૂંટણીમાં જામશે ત્રિપાંખિયો જંગ, ત્રણેય રાષ્ટ્રીય પક્ષો મેદાનમાં

**ભાજપ, કોંગ્રેસ અને આપના ઉમેદવારોએ વિધિવત ફોર્મ ભરતા રાજકીય ગરમાવો વધ્યો**

લીલીયા,તા.૧૦

લીલીયા તાલુકા પંચાયત અને જિલ્લા પંચાયતની આગામી સામાન્ય ચૂંટણીમાં પ્રથમ વખત ત્રણ મુખ્ય રાષ્ટ્રીય પક્ષો સામસામે આવતા રાજકીય જંગ રસપ્રદ બન્યો છે. તાલુકા પંચાયતની ૧૬ બેઠકો અને જિલ્લા પંચાયતની ૨ બેઠકો પર ભારતીય જનતા પાર્ટી, કોંગ્રેસ અને આમ આદમી પાર્ટીએ પોતાના ઉમેદવારો ઉતારી ચૂંટણી જીતવા કમર કસી છે.ભાજપે ધારાસભ્ય મહેશભાઈ કસવાલાની આગેવાનીમાં ભાજપના ઉમેદવારોએ શક્તિ પ્રદર્શન સાથે ઉમેદવારી નોંધાવી હતી. આ પ્રસંગે જીગ્નેશભાઈ સાવજ અને ગૌતમભાઈ વિંછીયા, ભીખાભાઈ ધોરાજીયા,



ભનુભાઈ ડાભી,બાબુભાઈ ધામત,કેપ્ટન ધામત, આનંદ ધાનાણી,ધીરુભાઈ ખુમાણ, રણજીતભાઈ ખુમાણ સહિત મોટી સંખ્યામાં અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.કોંગ્રેસે તાલુકા પ્રમુખ નીતિનભાઈ ત્રિવેદીના નેતૃત્વમાં કોંગ્રેસના ઉમેદવારોએ ખોડાભાઈ માળવિયા, બાહદુરભાઈ બેરાની હાજરીમાં મેદાનમાં ઝંપલાવ્યું છે.આમ આદમી પાર્ટીના પ્રમુખ વિજયભાઈ વિરાણીની રાહબરી હેઠળ પક્ષના ઉમેદવારોએ પોતાની દાવેદારી નોંધાવી ત્રિપાંખિયો જંગ નિશ્ચિત કર્યો છે.આમ, લીલીયા પંચાયતની ચૂંટણીમાં સત્તા હાંસલ કરવા ત્રણેય પક્ષોના દિગ્ગજ નેતાઓ મેદાને ઉતર્યા છે, જેના કારણે મતદારોમાં ભારે ઉત્સુકતા જોવા મળી રહી છે.

# ગોંડલમાં ચૂંટણી ટાણે ભાજપનું શક્તિ પ્રદર્શન: ઉમેદવારોએ ફોર્મ ભર્યા

ગોંડલ,તા.૧૦

ગોંડલ ખાતે ભારતીય જનતા પાર્ટી દ્વારા યોજાયેલી જંગી મહારેલી કાઢવામાં આવી હતી. ધારાસભ્ય ગીતાબા જાડેજા, પૂર્વ ધારાસભ્ય જયરાજસિંહ જાડેજા અને યુવા અગ્રણી ગણેશભાઈ જાડેજાના નેતૃત્વમાં યોજાયેલી આ રેલીમાં સમર્થકો ઉમટી પડ્યા હતા. જેમાં રાજકોટ જિલ્લા ભાજપ પ્રમુખ અલ્પેશભાઈ ઢોલરિયા,



રાજકિય આગેવાનો, અગ્રણીઓ, જિલ્લા અને તાલુકાના રાજકીય આગેવાનો, જિલ્લાના મહિલા આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. રેલીના અંતે તમામ ઉમેદવારોએ તાલુકા સેવા સદન ખાતે પહોંચીને પોતાના ઉમેદવારી પત્રો રજૂ કર્યા હતા.

# કોડીનાર પોલીસની કડક કાર્યવાહી, ચૂંટણી પૂર્વે અસામાજિક તત્વોને કડક ચેતવણી

કોડીનાર,તા.૧૦

કોડીનાર વિસ્તારમાં આગામી જિલ્લા અને તાલુકા પંચાયતની ચૂંટણીઓને અનુલક્ષીને કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જાળવી રાખવા માટે સ્થાનિક પોલીસ એક્શન મોડમાં આવી છે. નવનિયુક્ત પીઆઈ એન.વી. હરિયાણીના માર્ગદર્શન હેઠળ પોલીસે પ્રોહિબિશન અને જુગાર જેવી પ્રવૃત્તિઓમાં સંડોવાયેલા આશરે ૭૦ જેટલા શખ્સોને



પોલીસ સ્ટેશન બોલાવી કડક સૂચનાઓ આપી છે. સોશિયલ મીડિયા પર વાયરલ થયેલા વીડિયોમાં પોલીસ અધિકારી સ્પષ્ટપણે જણાવે છે કે ચૂંટણી દરમિયાન કોઈપણ ગેરકાનૂની

**પ્રોહિબિશન અને જુગારમાં સંડોવાયેલા આશરે ૭૦ જેટલા શખ્સોને પોલીસે સૂચના આપી**

પ્રવૃત્તિ ચલાવી લેવામાં આવશે નહીં. શાંતિપૂર્ણ મતદાન સુનિશ્ચિત કરવા માટે સમગ્ર પંથકમાં પોલીસ દ્વારા પેટ્રોલિંગ અને મોનિટરિંગ સઘન બનાવવામાં આવ્યું છે જેથી સામાન્ય જનતા નિર્ભય રીતે લોકશાહીના પર્વમાં ભાગ લઈ શકે.

# કોડીનારના ઘાટવડ ગામે જુગાર રમતા ત્રણ શખ્સોને પોલીસે ઝડપ્યા

કોડીનાર,તા.૧૦

કોડીનાર પોલીસ સ્ટેશનના પી.આઈ. એન.વી. હરિયાણીના માર્ગદર્શન હેઠળ સર્વેલન્સ સ્ટાફ પેટ્રોલીંગમાં હતો, ત્યારે મહત્વની સફળતા મળી હતી. હેડ કોન્સ્ટેબલ મહેન્દ્રભાઈ, ભીખુશા, વિક્રમભાઈ અને કૃપાલસિંહને મળેલી સંયુક્ત અને ચોક્કસ બાતમીના આધારે ઘાટવડ ગામના નવાપરા વિસ્તારમાં ઓચિંતો દરોડો પાડવામાં આવ્યો હતો. આ કાર્યવાહી દરમિયાન જાહેરમાં ગંજીપાના વડે હાર-જીતનો જુગાર રમી રહેલા ત્રણ શખ્સોને પોલીસે રંગેહાથ પકડી પાડ્યા હતા. પકડાયેલા આરોપીઓમાં ઈમરાનભાઈ ઈબ્રાહિમભાઈ હાલાઈ, અલ્તાફભાઈ અહેમદભાઈ ઘમરોટ અને ફૈજલભાઈ ગનીભાઈ સેલોતનો સમાવેશ થાય છે. પોલીસે ઘટનાસ્થળેથી કુલ રૂ.૧૩,૩૦૦ની રોકડ રકમ તેમજ ગંજીપાના સહિતનો મુદામાલ જપ્ત કર્યો છે.

## અવસાન નોંધ

**તોરી**

સ્વ.રાજેશભાઈ લવાભાઈ બોરડનું તા.૧૦/૦૪/૨૦૨૬ને શુક્રવારના રોજ દુઃખદ અવસાન થયેલ છે. તે રણછોડભાઈ લવાભાઈ બોરડ, નાગજીભાઈ, જયરામદાસ બાપુના નાનાભાઈ, ધનજીભાઈના કાકા થાય છે.

**સાવરકુંડલા**

ગં.સ્વ.ગોદાવરીબેન સમવજીભાઈ ચોટલીયા(ઉ.વ.૮૫)નું તા.૦૯/૪/૨૦૨૬ને ગુરુવારના રોજ દુઃખદ અવસાન થયેલ છે. તે ગોકુળબાપુ હિરજીબાપુ ભાલીયાના બેન, હસુબાપુ ગોકુળબાપુ ભાલીયા અને ગુણવંતભાઈ લક્ષ્મણભાઈ ભાલીયા અને વિજયભાઈ રામબાપુ ભાલીયાના ફઈ થાય છે. તેમનુ સદગત બેસણુ તા.૧૧/૦૪/૨૦૨૬ને શનિવારના રોજ સાંજે ૪:૦૦ થી ૬:૦૦ કલાકે અમારા નિવાસ સ્થાને કાનજીબાપુની જગ્યા સાવરકુંડલા ખાતે રાખેલ છે.

# મોડી રાત્રે સામાન્ય ચૂંટણી માટે અમરેલી જિલ્લા ભાજપે ઉમેદવારોની કરી જાહેરાત

**જિલ્લા પંચાયત, તાલુકા પંચાયત અને જિલ્લાની બે નગરપાલિકાના ઉમેદવારો જાહેર**

અમરેલી,તા.૧૦

અમરેલી જિલ્લામાં ભારતીય જનતા પાર્ટી દ્વારા નગરપાલિકા,તાલુકા પંચાયત અને જિલ્લા પંચાયત માટે ઉમેદવારોની જાહેરાત કરવામાં આવી હતી. જેમાં જિલ્લા પંચાયતની ૩૪માંથી ૨૮ બેઠકો માટે ઉમેદવારોના નામ જાહેર કરવામાં આવ્યા છે. જયારે બાકીના ઉમેદવારોના નામની જાહેરાત મોડી રાત્રે અથવા તો આજે સવારે જાહેર કરવામાં આવે તેવી સંભાવના છે. જિલ્લા પંચાયતમાં ખાંભા બેઠક પરથી અરવિંદભાઈ ચાવડા, દેવળીયા મોટા બેઠક પરથી મીનાબેન કોઠીવાળ, જુના વાઘણીયા બેઠક પરથી બગસરા તાલુકા ભાજપ પ્રમુખના પત્ની મિતલબેન પ્રદિપભાઈ ભાખર, કોટડાપીઠા બેઠક પરથી શિલ્પાબેન હિતેષભાઈ કલકાણી, ધારગણી બેઠક પરથી મહાવીરભાઈ વલકુભાઈ ભગત, કોટડી બેઠક પરથી વિરભદ્રભાઈ ડાભીયા, લીલીયા બેઠક પરથી જીજ્ઞેશભાઈ સાવજ સહિતના ઉમેદવારોની જાહેરાત કરવામાં આવી છે. અમરેલી જિલ્લાના અમરેલી,ધારી, સાવરકુંડલા, બગસરા, બાબરા, ખાંભા,જાફરાબાદ,લીલીયા, બાબરા, વડીયા-કુંકાવાવ,રાજુલા તાલુકા પંચાયતના તમામ ઉમેદવારોની જાહેરાત કરવામાં આવી છે. જયારે સાવરકુંડલા નગરપાલિકામાં પૂર્વ પાલિકા પ્રમુખ મેહુલભાઈ ત્રિવેદી, ગૌરીબેન પ્રતિકભાઈ નાકરાણી સહિત તમામ ૯ વોર્ડના ૩૬ ઉમેદવારોની જાહેરાત કરાઈ છે તો અમરેલી નગરપાલિકાના ૧૧ વોર્ડની યાદી પણ જાહેર કરવામાં આવી છે જેમાં પૂર્વ પાલિકા પ્રમુખ અલ્કાબેન ગોંડલીયા, પૂર્વ બાંધકામ સમિતિના ચેરમેન કોમલબેન રામાણી, વૈશાલીબેન સંદિપભાઈ માંગરોળીયા, જાવેદખાન પઠાણ, રેશ્માબેન વાઘેલા સહિતના ૪૪ ઉમેદવારો પર ભાજપે મહોર મારી છે.


# મથુરામાં યમુના નદીમાં હોડી પલટી જતા ૧૦ શ્રધ્ધાળુના મોત



મથુરા,તા.૧૦

ઉત્તર પ્રદેશના મથુરામાં એક અત્યંત હૃદય હચમચાવી દે તેવી દુર્ઘટના સામે આવી છે જેમાં વૃંદાવનના પ્રખ્યાત કેસી ઘાટ પાસે યમુના નદીમાં શ્રધ્ધાળુઓથી ભરેલી હોડી પલટી ગઈ હતી. આ ભયાનક અકસ્માતમાં અત્યાર સુધીમાં ૧૦ શ્રધ્ધાળુઓના કરુણ મોત નિપજ્યા છે. ઘટનાની વિગતો મુજબ પંજાબના લુધિયાણાથી આવેલા અંદાજે ૩૦ જેટલા શ્રધ્ધાળુઓ બે હોડીમાં સવાર થઈને નદીની સફર કરી રહ્યા હતા. જે હોડી પલટી ગઈ તેમાં ક્ષમતા કરતા વધુ મુસાફરો સવાર હોવાનું પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું છે. આ હોડી નદીમાં બનેલા લોખંડના પેન્ટૂન પુલ સાથે જોરદાર રીતે અથડાઈ હતી જેના કારણે ચાલકે સંતુલન ગુમાવ્યું અને હોડી જોતજોતામાં ઊંડા પાણીમાં ગરકાવ થઈ ગઈ હતી. સ્થાનિક પોલીસ અને તરવૈયાઓની ટીમે તાત્કાલિક બચાવ કામગીરી હાથ ધરીને ૧૭ જેટલા લોકોને સુરક્ષિત રીતે બહાર કાઢ્યા છે.


# કોંગ્રેસ નેતા પવન ખેરાને આસામ પોલીસના કેસમાં તેલંગાણા હાઈકોર્ટ દ્વારા આગોતરા જામીન મંજૂર



ગોવાહાટી,તા.૧૦

આસામના મુખ્યમંત્રી હિમંત બિસ્વા શર્માના પત્ની પર ગંભીર આરોપો લગાવવા બદલ કોંગ્રેસ નેતા પવન ખેરા વિરુદ્ધ ગુવાહાટીમાં કેસ નોંધાયો હતો. આ મામલે તેલંગાણા હાઈકોર્ટે ખેરાને એક અઠવાડિયાના આગોતરા જામીન મંજૂર કર્યા છે. કોર્ટે તેમને એક સપ્તાહમાં ગુવાહાટી કોર્ટમાં હાજર થવાનો આદેશ આપ્યો છે. ખેરાએ દલીલ કરી હતી કે તેઓ તપાસમાં સહકાર આપવા તૈયાર છે. આ અગાઉ, આસામ પોલીસે તેમના દિલ્હી સ્થિત નિવાસસ્થાને તપાસ હાથ ધરી હતી.

# છત્તીસગઢના કાંકેરમાં બે કાર વચ્ચે થયેલા ભયાનક અકસ્માતમાં એક જ પરિવારના ૬ સભ્યોના મોત



કાંકેર, છત્તીસગઢ,તા.૧૦

છત્તીસગઢના કાંકેર જિલ્લામાં નેશનલ હાઈવે-૩૦ પર નાથિયા નવાગાંવ પાસે બે સ્વિફ્ટ કાર વચ્ચે સર્જાયેલા ગમખ્વાર અકસ્માતમાં ૬ લોકોના કરુણ મોત નિપજ્યા છે, જ્યારે ૩ લોકો ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા છે. તમામ મૃતકો ચરામા બ્લોકના ઉડાકુડા ગામના રહેવાસી હતા અને એક જ પરિવારના સભ્યો હોવાનું જાણવા મળ્યું છે. આ પરિવાર કાંકેરના ચિવરાજ ગામમાં એક લગ્ન પ્રસંગમાં હાજરી આપીને પરત ફરી રહ્યો હતો ત્યારે વિરુધ્ધ દિશામાંથી આવતી અન્ય કાર સાથે તેમની જોરદાર ટક્કર થઈ હતી. અકસ્માત એટલો ભયાનક હતો કે ત્રણ મહિલાઓ, એક બાળક અને બે પુરુષોએ ઘટનાસ્થળે જ દમ તોડ્યો હતો. અકસ્માતગ્રસ્ત વિસ્તારમાં 'ધીમે ચલાવો' ના બોર્ડ હોવા છતાં ડ્રાઈવરોની બેદરકારીને કારણે આ હોનારત સર્જાઈ હોવાનું પ્રાથમિક દ્રષ્ટિએ જણાય છે. ઘટનાની જાણ થતા જ એસપી નિખિલ રાખેચા સહિતનો પોલીસ કાફલો ઘટનાસ્થળે પહોંચ્યો હતો. ઈજાગ્રસ્તોને તાત્કાલિક કાંકેર મેડિકલ કોલેજ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# રોકડ વિવાદ બાદ ન્યાયાધીશ યશવંત વર્માએ રાજીનામું આપ્યું



નવી દિલ્હી,તા.૧૦

અલ્હાબાદ હાઈકોર્ટના ન્યાયાધીશ યશવંત વર્માએ રાષ્ટ્રપતિને રાજીનામું સુપરત કર્યું છે. તેમના નિવાસસ્થાનેથી મોટી માત્રામાં રોકડ મળી આવવાના વિવાદ બાદ તેમની સામે આંતરિક તપાસ ચાલી રહી છે. લોકસભા અધ્યક્ષ ઓમ બિરલાએ તેમને પદ પરથી હટાવવા માટે ત્રણ સભ્યોની તપાસ સમિતિની રચના કરી છે. સુપ્રીમ કોર્ટે પણ સંસદીય કાર્યવાહીમાં અવરોધ ઊભો કરવાની તેમની અરજી ફગાવી દીધી હતી. હાલ આ મામલે કાયદેસરની પ્રક્રિયા ચાલુ છે.

# યુક્રેન સામે યુધ્ધમાં રશિયન સૈન્યમાં બળજબરીથી ભરતી કરાયેલા ભારતીય પરિવારો સુપ્રિમના દ્વારે



નવી દિલ્હી,તા.૧૦

રશિયા-યુક્રેન યુધ્ધમાં એજન્ટો દ્વારા છેતરાઈને બળજબરીથી રશિયન સૈન્યમાં ભરતી કરાયેલા ભારતીયોના પરિવારોએ સુપ્રીમ કોર્ટના દ્વાર ખખડાવ્યા છે. સીજેઆઈ સૂર્યકાંતની ખંડપીઠે આ બાબતને અત્યંત ગંભીર અને રાષ્ટ્રીય મહત્વનો વિષય ગણાવી કેન્દ્ર સરકાર અને વિદેશ મંત્રાલયને નોટિસ પાઠવી છે. અરજીમાં જણાવ્યા અનુસાર, ૨૬ ભારતીય નાગરિકો જેઓ પ્રવાસી કે વિદ્યાર્થી વિઝા પર રશિયા ગયા હતા, તેમને ધમકાવીને અને દસ્તાવેજો જપ્ત કરીને લશ્કરી પ્રવૃત્તિઓમાં જોતરવામાં આવ્યા છે. પરિવારોનો છેલ્લો સંપર્ક સપ્ટેમ્બર-ઓક્ટોબર ૨૦૨૫માં થયો હતો, ત્યારબાદ તેમની કોઈ ભાળ મળી નથી. પીડિતોને એવી ભાષાના દસ્તાવેજો પર સહી કરવાની ફરજ પાડવામાં આવી હતી જે તેઓ સમજી શકતા નહોતા. વકીલ ઋત્વિક ભનોટ અને તેમની ટીમ દ્વારા દાખલ કરાયેલી આ અરજીમાં બંધારણની કલમ ૩૨ હેઠળ નાગરિકોના જીવન અને સ્વતંત્રતાના રક્ષણની માંગ કરવામાં આવી છે. વિદેશ મંત્રાલય તરફથી કોઈ નક્કર કાર્યવાહી ન થતા પરિવારોએ હવે સર્વોચ્ચ અદાલત પાસે પોતાના સંબંધીઓની સુરક્ષિત ઘરવાપસી માટે હસ્તક્ષેપની અપીલ કરી છે.

# મુંબઈ એરપોર્ટ પર રૂ.૩૮ કરોડનું સોનું જપ્ત, ૨૬ દાણચોરોની ધરપકડ





મુંબઈ,તા.૧૦

ડિરેક્ટોરેટ ઓફ રેવન્યુ ઈન્ટેલિજન્સ (DRI) એ મુંબઈના છત્રપતિ શિવાજી મહારાજ આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પર સોનાની દાણચોરી કરતી એક મોટી ગેંગનો પર્દાફાશ કર્યો છે. આ સંગઠિત કાર્યવાહીમાં અધિકારીઓએ આશરે રૂ.૩૭.૭૪ કરોડની કિંમતનું ૨૯.૩૭ કિલો સોનું જપ્ત કર્યું છે. આ કેસમાં અત્યાર સુધીમાં કુલ ૨૬ લોકોની ધરપકડ કરવામાં આવી છે.ચોક્કસ બાતમીના આધારે DRI એ ૮ એપ્રિલ, ૨૦૨૬ના રોજ નૈરોબીથી આવેલી મહિલા મુસાફરોના એક જૂથની તપાસ કરી હતી. જ્યારે આ મુસાફરો ગ્રીન ચેનલ તરફ આગળ વધ્યા, ત્યારે અધિકારીઓને જોઈને તેમણે ગભરાટમાં સોનાના પાઉચ છુપાવવાનો કે ફેંકવાનો પ્રયાસ કર્યો હતો. તપાસ દરમિયાન મુસાફરોના જૂતામાંથી સોનાની લગડીઓ અને સામાનમાંથી પીગળેલા સોનાના પાઉચ મળી આવ્યા હતા. કુલ જથ્થામાં ૨૫.૧૦ કિલો સોનાની લગડી અને ૪.૨૭ કિલો સોનાના દાગીનાનો સમાવેશ થાય છે.ઝડપાયેલા ૨૬ મુસાફરો પૈકી એક વ્યક્તિ નકલી પાસપોર્ટનો ઉપયોગ કરતા પકડાઈ હતી. તમામ આરોપીઓને કોર્ટમાં રજૂ કરવામાં આવતા તેમને ન્યાયિક કસ્ટડીમાં મોકલી આપવામાં આવ્યા છે. DRI દ્વારા સોનાની દાણચોરીના આ મોટા નેટવર્ક પાછળના મુખ્ય સૂત્રધારોની શોધખોળ ચાલુ છે.

# પાકિસ્તાનમાં યોજાનાર ઈરાન અને અમેરિકા વચ્ચેની બેઠક મોકૂફ

તહેરાન તા.૧૦

અમેરિકા, ઈઝરાયલ અને ઈરાન વચ્ચે યુદ્ધ બે અઠવાડિયાથી માટે બંધ છે. રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે યુદ્ધવિરામની જાહેરાત કરી હતી, પરંતુ ઈઝરાયલ લેબનોન પર હુમલો કરવાનું ચાલુ રાખ્યું એવી ચર્ચા હતી કે ઈરાન અને અમેરિકા વચ્ચે પાકિસ્તાનમાં બેઠક થશે, પરંતુ આ બેઠક મુલતવી રાખવામાં આવી છે. ઈરાને તો એમ પણ કહ્યું છે કે જો લેબનોન યુદ્ધવિરામનો ભાગ નહીં હોય, તો ઈરાની ટીમ ઈસ્લામાબાદ નહીં જાય. ઈરાન ન્યૂઝ ૨૪ મુજબ, ઈરાને જણાવ્યું છે કે કોઈ પ્રતિનિધિમંડળ વાતચીત માટે ઈસ્લામાબાદ ગયું નથી. ઈરાને પાકિસ્તાનને જાણ કરી છે કે જો લેબનોન યુદ્ધવિરામનો ભાગ નહીં હોય, તો ઈરાની ટીમ ઈસ્લામાબાદ નહીં જાય. અગાઉ, તસ્નીમે તેની પોસ્ટમાં અહેવાલ આપ્યો હતો કે ઈરાની વાટાઘાટ ટીમ અમેરિકનો સાથે વાત કરવા માટે પાકિસ્તાનના ઈસ્લામાબાદ પહોંચી નથી. આ માહિતી સંપૂર્ણપણે ખોટી છે. રિપોર્ટમાં એમ પણ કહેવામાં આવ્યું હતું કે જ્યાં સુધી અમેરિકા લેબનોનમાં યુદ્ધવિરામનું વચન પૂર્ણ નહીં કરે અને ઈઝરાયલ તેના હુમલા ચાલુ રાખશે નહીં, ત્યાં સુધી બંને પક્ષો વચ્ચે કોઈ વાતચીત થશે નહીં.

# જાતિ આધારિત વસ્તી ગણતરી વિરુધ્ધની PIL સુપ્રીમ કોર્ટે ફગાવી અરજદારને ઠપકો આપ્યો

નવી દિલ્હી,તા.૧૦

સુપ્રીમ કોર્ટે જાતિ આધારિત વસ્તી ગણતરી રોકવાની માંગ કરતી જાહેર હિતની અરજી (PIL) ફગાવી દીધી છે. સુનાવણી દરમિયાન મુખ્ય ન્યાયાધીશ (CJI) સૂર્યકાંતની બેન્ચે અરજીમાં વપરાયેલી અયોગ્ય ભાષા બદલ અરજદારને સખત ઠપકો આપ્યો હતો. સીજેઆઈએ નારાજગી વ્યક્ત કરતા પૂછ્યું કે, 'તમે અરજીમાં આવી ભાષાનો ઉપયોગ કેવી રીતે કરી શકો?' કોર્ટે સ્પષ્ટ કર્યું કે ૨૦૨૭ ની ૧૬મી રાષ્ટ્રીય વસ્તી ગણતરી ૧૯૩૧ પછીની પ્રથમ વ્યાપક જાતિ-આધારિત અને સંપૂર્ણ ડિજિટલ ગણતરી હશે. બેન્ચે અરજદારને સલાહ આપી કે કાયદાનું જ્ઞાન ધરાવતી વ્યક્તિ તરીકે તેમણે પાયાવિહોણી અરજીઓ કરવાને બદલે વિશ્લેષણાત્મક અભિગમ અપનાવી સંબંધિત અધિકારીઓ સમક્ષ રજૂઆત કરવી જોઈએ.

# બિહારમાં સત્તા પરિવર્તનની તૈયારી શરૂ, નિશાંત કુમાર ડેપ્યુટી CM બને તેવી શક્યતા



પટણા,તા.૧૦

બિહારમાં નવી સરકારની રચના માટે ભાજપ અને જેડીયુ (JDU) વચ્ચે સહમતિ સધાઈ હોવાના અહેવાલ છે. નવી વ્યવસ્થા મુજબ, ભાજપના નેતા મુખ્યમંત્રી બનશે, જ્યારે જેડીયુ પાસે બે નાયબ મુખ્યમંત્રી પદ રહેશે. સૂત્રોના જણાવ્યા અનુસાર, નીતિશ કુમારના પુત્ર નિશાંત કુમાર નવી સરકારમાં ડેપ્યુટી સીએમ તરીકે જવાબદારી સંભાળી શકે છે.

ભાજપ પાસે મુખ્યમંત્રી પદ સહિત ૧૫ મંત્રીઓ અને વિધાનસભા અધ્યક્ષનું પદ રહેશે, જ્યારે જેડીયુ પાસે બે ડેપ્યુટી સીએમ અને ૧૬ મંત્રી પદ રહેવાની શક્યતા છે. નીતિશ કુમાર કેન્દ્રમાં મંત્રી બનવાને બદલે રાજ્યસભા સભ્ય તરીકે રહીને બિહાર સરકારને માર્ગદર્શન આપશે. તેઓ ૧૪ એપ્રિલે મુખ્યમંત્રી પદેથી રાજીનામું આપે તેવી અટકળો છે.

# ભારત-અમેરિકા સંરક્ષણ સંબંધો વધુ મજબૂત બનાવવા પેન્ટાગોનમાં ઉચ્ચ સ્તરીય બેઠક યોજાઈ




વોશિંગ્ટન,તા.૧૦

પશ્ચિમ એશિયામાં વધતા તણાવ વચ્ચે ભારત અને અમેરિકાએ તેમના સંરક્ષણ અને તકનીકી સંબંધોને વધુ ગાઢ બનાવવાની દિશામાં મહત્વપૂર્ણ કદમ ઉઠાવ્યા છે. ભારતના વિદેશ સચિવ વિક્રમ મિશ્રીએ વોશિંગ્ટન સ્થિત પેન્ટાગોનમાં અમેરિકાના ડેપ્યુટી સેક્રેટરી ઓફ ડિફેન્સ માઈક ડફી સાથે મુલાકાત કરી હતી. આ બેઠકમાં અત્યાધુનિક સંરક્ષણ ટેકનોલોજીના સહ-ઉત્પાદન અને સહ-વિકાસ પર ભાર મૂકવામાં આવ્યો હતો. આ મુલાકાત દરમિયાન ભારત-પેસિફિક ક્ષેત્રમાં સહિયારી સુરક્ષા પ્રાથમિકતાઓ અને સંરક્ષણ સપ્લાય ચેઈનને મજબૂત કરવા પર ચર્ચા થઈ હતી. ખાસ કરીને ભારતમાં 'F-૪૧૪ ફાઈટર જેટ એન્જિન'ના સંયુક્ત ઉત્પાદન માટેના કરારને અંતિમ સ્વરૂપ આપવા પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે, જે તેજસ માર્ક-૨ માટે નિર્ણાયક છે. આ ઉપરાંત, અમેરિકાએ ભારત માટે F-૩૫ ફાઈટર જેટ મેળવવાનો માર્ગ ખુલ્લો હોવાના પણ સંકેત આપ્યા છે.

ભારતીય વાયુસેનાના વડા એર ચીફ માર્શલ એપી સિંહે પણ અમેરિકાના વિવિધ સૈન્ય મથકોની મુલાકાત લઈ ઓપરેશનલ પ્રક્રિયાઓ પર વિચારોનું આદાન-પ્રદાન કર્યું હતું. બંને દેશો સબમરીન વિરોધી યુધ્ધ અને દરિયાઈ ક્ષેત્રની જાગૃતિ જેવા જટિલ ક્ષેત્રોમાં સહકાર વધારવા કટિબધ્ધ દેખાઈ રહ્યા છે.

# બાબરી મસ્જિદના સમર્થકો સાથે હાથ મિલાવવા કરતાં વિપક્ષમાં બેસવું મંજૂર : અમિત શાહ



કોલકાતા,તા.૧૦

પશ્ચિમ બંગાળમાં હુમાયુ કબીરના કથિત સ્ટિંગ વીડિયો વિવાદ વચ્ચે કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે આકરું વલણ અપનાવ્યું છે. કોલકાતામાં ભાજપનો મેનિફેસ્ટો જાહેર કરતી વખતે તેમણે સ્પષ્ટ કર્યું કે ભાજપ પોતાના સિધ્ધાંતો સાથે ક્યારેય સમાધાન કરશે નહીં. શાહે જણાવ્યું કે, પશ્ચિમ બંગાળમાં બાબરી મસ્જિદના પુનઃનિર્માણની વાત કરનારાઓ સાથે ગઠબંધન કરવા કરતાં ભાજપ ૨૦ વર્ષ સુધી વિપક્ષમાં બેસવાનું પસંદ કરશે.

તૃણમૂલ કોંગ્રેસે (TMC) એક વીડિયો જાહેર કરીને આરોપ લગાવ્યો હતો કે ભાજપે મમતા સરકારને અસ્થિર કરવા હુમાયુ કબીરનો ઉપયોગ કર્યો છે અને આ માટે રૂ.૧,૦૦૦ કરોડનો સોદો થયો છે. આના જવાબમાં શાહે કહ્યું કે, 'હુમાયુ કબીર અને ભાજપનું મિશ્રણ ઉત્તર અને દક્ષિણ ધ્રુવ જેવું અશક્ય છે'.

TMC નેતા ફિરહાદ હકીમ અને કુણાલ ઘોષે આને મોટું ચૂંટણી કૌભાંડ ગણાવી તપાસની માંગ કરી છે. બીજી તરફ, હુમાયુ કબીરે આ તમામ આરોપોને ફગાવી દેતા કહ્યું છે કે આ વીડિયો 'AI જનરેટેડ'(નકલી) છે અને તેમને બદનામ કરવા માટે તૃણમૂલ કોંગ્રેસનું રાજકીય ષડયંત્ર છે. તેમણે ભાજપ કે PMO સાથે કોઈ પણ પ્રકારના આર્થિક વ્યવહારનો ઈનકાર કર્યો છે.

# અમરેલી જિલ્લા સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં ફોર્મ ભરવા ઉમેદવારોનો ધસારો

અમરેલી,તા.૧૦

સ્થાનિક સ્વરાજયની ચૂંટણીનો આજે છેલ્લો દિવસ હોવાથી ચૂંટણી લડવા માટે ઉમેદવારોનો ધસારો જોવા મળી રહ્યો છે. ગત તા.૬થી સ્થાનિક સ્વરાજયની ચૂંટણી માટેના ફોર્મ ભરવાના શરૂ થઈ ગયા છે. અને આજે તા.૧૧ના રોજ ચૂંટણી ફોર્મ ભરવાનો છેલ્લો દિવસ છે ત્યારે અમરેલી જિલ્લામાં ત્રિપાંખીયો જંગ ખેલાઈ રહ્યો છે. ચૂંટણી ફોર્મ ભરવાના પ્રથમ દિવસે નગરપાલિકામાં એક પણ ફોર્મ ભરાયુ નહોતુ જયારે તાલુકા પંચાયતમાં ૩ ફોર્મ ભરાયા હતા અને જિલ્લા પંચાયતમાં બે ફોર્મ ભરાયા હતા. જેમ જેમ દાવેદારો ચૂંટણી લડવા માટે તૈયાર થતા ગયા તેમ-તેમ ઉમેદવારોનો ધસારો જોવા મળી રહ્યો છે. તા.૧૦ના રોજ નગરપાલિકા માટે કોંગ્રેસમાંથી ૫૬, તાલુકા પંચાયતમાં ૧૦૭ અને જિલ્લા પંચાયતમાં ૨૨ ઉમેદવારોએ ફોર્મ ભર્યા હતા તો આપ દ્વારા નગરપાલિકામાં ૪૦, તાલુકા પંચાયતમાં ૧૨૬ અને જિલ્લા પંચાયતમાં ૩૨ ફોર્મ ભરાયા છે. જયારે ભાજપમાંથી એકપણ ફોર્મ હજુ સુધી ભરવામાં આવ્યું નથી. તા.૧૦ સુધીની ફોર્મ ભરનાર કુલ સંખ્યા જોઈએ તો નગરપાલિકામાં ૯૭,તાલુકા પંચાયતમાં ૨૫૭ અને જિલ્લા પંચાયતમાં ૩૨ ઉમેદવારોએ ફોર્મ ભર્યા છે. જો કે આજે ફોર્મ ભરવાનો છેલ્લો દિવસ હોય જેથી ફોર્મ ભરવા માટે ઉમેદવારોનો રાફડો ફાટશે તેમ રાજકિય સુત્રોમાંથી જાણવા મળ્યુ છે.

**નગરપાલિકામાં ૯૭, તાલુકા પંચાયતમાં ૨૫૭ અને જિલ્લા પંચાયતમાં ૫૭ ઉમેદવારોએ ફોર્મ ભર્યા**

# રાજયમાં સ્થાનિક સ્વરાજયની ચૂંટણી યોજવા સુપ્રિમ કોર્ટની મંજૂરી

નવી દિલ્હી,તા.૧૦



ગુજરાતમાં આગામી સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓ પર તોળાઈ રહેલા કાનૂની સંકટ વચ્ચે સુપ્રીમ કોર્ટે આજે ૧૦મી એપ્રિલે એક મોટો ચુકાદો આપ્યો છે. સુપ્રીમ કોર્ટે રાજ્ય સરકારની ૨૭ ટકા ઓબીસી અનામત નીતિ સામે ચૂંટણી પ્રક્રિયા પર રોક લગાવવાની માંગને સ્પષ્ટપણે ફગાવી દીધી છે. કોર્ટે આ મામલે સ્પષ્ટતા કરી છે કે હાલના તબક્કે ચૂંટણી પ્રક્રિયા અટકશે નહીં જે રાજ્ય સરકાર માટે મોટી રાહત સમાન છે. પાટીદાર અગ્રણી દિનેશ બાંભણિયા દ્વારા કરવામાં આવેલી જાહેર હિતની અરજી પર આજે સુપ્રીમ કોર્ટના ચીફ જસ્ટિસની બેન્ચ સમક્ષ સુનાવણી હાથ ધરવામાં આવી હતી. અરજદારે ૨૭ ટકા ઓબીસી અનામતની નીતિને પડકારીને સમગ્ર ચૂંટણી પ્રક્રિયા પર સ્ટે મૂકવાની માંગ કરી હતી. પરંતુ સુપ્રીમ કોર્ટે આ માંગણી સ્વીકારી નથી. સુપ્રીમ કોર્ટે અરજદારને આ મામલે ગુજરાત હાઈકોર્ટમાં અપીલ કરવા

માટે નિર્દેશ આપ્યો છે. હવે આ જટિલ મુદ્દે ગુજરાત હાઈકોર્ટમાં સુનાવણી હાથ ધરવામાં આવશે અને હાઈકોર્ટનો જે પણ નિર્ણય આવશે તે આગામી ચૂંટણી માટે માન્ય ગણાશે. રાજ્ય સરકાર પણ ૨૭ ટકા ઓબીસી અનામત આપવા માટે મક્કમ છે અને તેને કાયદાકીય રીતે યોગ્ય ઠેરવવા માટે સજ્જ દેખાઈ રહી છે.

# અમદાવાદ નજીક કાસિન્દ્રા પાસે કારમાં છુપાવેલો દારૂનો મસમોટો જથ્થો ઝડપાયો



અમદાવાદ,તા.૧૦

અમદાવાદ ગ્રામ્યની અસલાલી પોલીસે બાતમીના આધારે કાસિન્દ્રા ગામ પાસે દરોડો પાડી વિદેશી દારૂની હેરાફેરીનો પર્દાફાશ કર્યો છે. પોલીસે રેલવે બ્રિજ પાસે એક શંકાસ્પદ કારને અટકાવી તેની તલાશી લેતા, પાછળની સીટમાં સંતાડેલી ચાર થેલીઓમાંથી વિદેશી દારૂની ૧૮૦ બોટલો મળી આવી હતી. આ મામલે પોલીસે ૨૮ વર્ષીય મહેશ ઠાકોરની ધરપકડ કરી છે, જ્યારે મુખ્ય સૂત્રધાર મોન્ટુ ચુનારા અને પપ્પુ ચુનારા ફરાર જાહેર થયા છે. પોલીસે દારૂ અને કાર સહિત કુલ રૂ.૨,૩૬,૦૦૦નો મુદ્દામાલ જપ્ત કર્યો છે. ઝડપાયેલા આરોપીની પૂછપરછમાં જાણવા મળ્યું કે આ માલ મોન્ટુ ચુનારાના કહેવાથી લવાયો હતો.

# વડોદરા સેન્ટ્રલ બસ સ્ટેશનનો શેડ ધરાશાયી થતા એક વ્યક્તિનું કરુણ મોત

વડોદરા,તા.૧૦



વડોદરા સેન્ટ્રલ બસ સ્ટેશન પર ૧૦ એપ્રિલ બપોરે એક મોટી દુર્ઘટના સર્જાઈ હતી. બસ સ્ટેશનના ઉપરના ભાગનું ભારેખમ સ્ટ્રક્ચર અચાનક તૂટી પડતાં સમગ્ર વિસ્તારમાં અફરાતફરી મચી ગઈ હતી. આ દુર્ઘટનામાં કાટમાળ નીચે દબાઈ જવાથી એક વ્યક્તિનું ઘટનાસ્થળે જ કરુણ મોત નીપજ્યું છે.

બનાવની જાણ થતા જ સ્થાનિક લોકોએ બચાવ કામગીરી શરૂ કરી હતી. ત્યારબાદ ફાયર બ્રિગેડ અને પોલીસનો કાફલો ઘટનાસ્થળે દોડી આવ્યો હતો. તંત્ર દ્વારા હાલ સમગ્ર બસ સ્ટેશન પરિસરને કોર્ડન કરી લેવામાં આવ્યું છે અને કાટમાળ ખસેડવાની કામગીરી યુધ્ધના ધોરણે ચાલી રહી છે. પોલીસ તપાસમાં જાણવા મળ્યું છે કે મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યો છે. નોંધનીય છે કે આ હાઈટેક બસ સ્ટેશનનું નિર્માણ અંદાજે રૂ. ૧૧૪ કરોડના ખર્ચે કરવામાં આવ્યું હતું અને વડાપ્રધાન મોદીના હસ્તે તેનું લોકાર્પણ થયું હતું. નિર્માણના ટૂંકા ગાળામાં જ આ રીતે સ્ટ્રક્ચર ધરાશાયી થતાં બાંધકામની ગુણવત્તા સામે ગંભીર સવાલો ઊભા થયા છે. હાલમાં ચૂંટણીનો માહોલ હોવાથી આ ઘટનાએ વહીવટી તંત્રમાં દોડધામ મચાવી દીધી છે.

# રાજકોટના નવાગામ પોલીસ ચોકી સામે દેહવ્યાપાર પર પોલીસની લાલ આંખ

**પોલીસે ગ્રાહકની ધરપકડ કરી જયારે સંચાલકો ફરાર**

રાજકોટ,તા.૧૦

રાજકોટના નવાગામમાં પોલીસ ચોકીની બિલકુલ સામે જ ચાલતા દેહવ્યાપારના વ્યવસાય પર પોલીસે લાલ આંખ કરી છે.

રાજકોટ બી-ડિવિઝન પોલીસે બાતમીના આધારે દ્વારકાધીશ હોટલ પાસે આવેલા એક મકાનમાં ડમી ગ્રાહક મોકલી દરોડો પાડ્યો હતો. આ કાર્યવાહી દરમિયાન પોલીસે સુપરવાઈઝર અક્ષય જમોડ અને ગ્રાહક ઋત્વિક વાછાણીની ધરપકડ કરી છે, જ્યારે મુખ્ય સંચાલકો હિતેશ ઉર્ફે રાણો અને અમિત ઉર્ફે દાઢી હાલ ફરાર છે. પોલીસે પશ્ચિમ બંગાળ, મહારાષ્ટ્ર અને સૌરાષ્ટ્રની યુવતીઓને મુક્ત કરાવી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# ભાવનગરમાં ભાડાનું મકાન રાખી દારૂની હેરાફેરી કરતા બે શખ્સો ઝડપાયા

**એલસીબી પોલીસે રૂ.૧૨.૬૧ લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો**



ભાવનગર,તા.૧૦

ભાવનગર શહેરમાં ભાડાનું મકાન રાખી વિદેશી દારૂનો વેપાર કરતા બે આરોપીઓને એલસીબી (LCB) પોલીસે ઝડપી પાડ્યા છે. પોલીસને બાતમી મળી હતી કે કાળુભા રોડ પર પ્લોટ નં. ૧૧ અને ૧૩ બીનું મકાન ભાડે રાખીને દારૂનો સંગ્રહ અને હેરાફેરી કરવામાં આવે છે. આ બાતમીના આધારે પોલીસે દરોડો પાડીને સ્થળ પરથી વિવિધ કંપનીની દારૂની કુલ ૩,૭૪૪ બોટલો અને ૧૨૦ બિયરના ટીન જપ્ત કર્યા હતા.

પોલીસે ઘટનાસ્થળેથી સુનિલ મકવાણા અને પ્રણવ ડોડીયાની ધરપકડ કરી છે, જ્યારે મુખ્ય સૂત્રધાર હરેશ ઉર્ફે ભયલુ બારૈયા હાલ ફરાર છે. પોલીસે કુલ રૂ.૧૧,૦૧,૨૧૬ની કિંમતનો દારૂ અને બે સ્કૂટર મળીને કુલ રૂ.૧૨,૬૧,૨૧૬નો મુદ્દામાલ કબજે કર્યો છે. પકડાયેલા આરોપીઓ વિરુધ્ધ નિલમબાગ પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

# અમદાવાદ જિલ્લામાં કોંગ્રેસનો વિરોધ કરનાર ભાજપે ૧૪ મુસ્લિમ ઉમેદવારોને ટિકિટ આપી

અમદાવાદ,તા.૧૦

અમદાવાદ જિલ્લાની સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં ભાજપની ઉમેદવાર પસંદગી ચર્ચાનું કેન્દ્ર બની છે. કોંગ્રેસ દ્વારા મુસ્લિમ ઉમેદવાર જાહેર કરાતા વિરોધ કરનાર ભાજપે પોતે જ વિવિધ બેઠકો પર ૧૪ મુસ્લિમ ઉમેદવારોને મેદાનમાં ઉતાર્યા છે. જેમાં ધોળકા નગરપાલિકામાં ૮ અને વિરમગામમાં ૩ ઉમેદવારોનો સમાવેશ થાય છે.

ભાજપના આગેવાનોએ આ અંગે સ્પષ્ટતા કરી છે કે કોંગ્રેસ હિન્દુ વિસ્તારોમાં મુસ્લિમ ઉમેદવારો થોપીને તુષ્ટિકરણ કરે છે, જ્યારે ભાજપે માત્ર મુસ્લિમ બહુલ વિસ્તારોમાં જ ટિકિટ આપી છે. ૧૧ એપ્રિલ ફોર્મ ભરવાનો છેલ્લો દિવસ હોવાથી બંને પક્ષોમાં હજુ પણ અનેક નામોની જાહેરાત બાકી છે, જેના કારણે રાજકીય માહોલ ગરમાયો છે.

# કોંગી નેતાનું મતદાર યાદીમાંથી રદ થયેલુ નામ ઉમેરવા હાઈકોર્ટનો આદેશ

અમદાવાદ,તા.૧૦

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની ચૂંટણી પૂર્વે ગુજરાત હાઈકોર્ટે કોંગ્રેસના સંજય ગઢવીને મોટી રાહત આપી છે. ખોખરા વોર્ડ નં. ૪૪ ની મતદાર યાદીમાં નામ ન હોવાથી તેમણે હાઈકોર્ટમાં અરજી કરી હતી. સંજય ગઢવીએ દલીલ કરી હતી કે તેઓ મણિનગર વિધાનસભાના માન્ય મતદાતા હોવા છતાં રિવિઝન દરમિયાન તેમનું નામ કપાઈ ગયું હતું.સ્ટેટ ઈલેક્શન કમિશનના વિરોધ છતાં, હાઈકોર્ટે નોંધ્યું કે જો વ્યક્તિનું નામ વિધાનસભાની યાદીમાં હોય, તો તેને મ્યુનિસિપલ યાદીમાં પણ સમાવવો જોઈએ. ૧૧ એપ્રિલ નામાંકનનો છેલ્લો દિવસ હોવાથી કોર્ટે તાકીદે નામ ઉમેરવા આદેશ આપી તેમનો ચૂંટણી લડવાનો માર્ગ મોકળો કર્યો છે.





